RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 75* Date: 03.01.2023, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## સુપ્રીમ કોર્ટે નોટબંધી પર મોદી સરકારને રાહત આપી

**નોટબંધી પહેલા કેન્દ્ર અને આરબીઆઇ વચ્ચે ચર્ચા થઇ હતી, નિર્ણય લેતી વકતે અપનાવવામાં આવેલી પ્રક્રિયામાં કોઇ ખામી ન હતી**




નવીદિલ્હી,તા.૨

નોટબંધી પર સુપ્રીમ કોર્ટે આજે મોટો ચુકાદો સંભળાવતા કેન્દ્ર સરકારે ૨૦૧૬માં ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ બંધ કરવાનો જે નિર્ણય લીધો હતો તેને યથાવત રાખ્યો છે.સુપ્રીમ કોર્ટે મોદી સરકારની નોટબંધીને પડકારતી ૫૮ જેટલી અરજીઓ પર સુનાવણી કરતા આ ચુકાદો આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યુ કે નોટબંધી પુહેલા કેન્દ્ર અને આરબીઆઇ વચ્ચે ચર્ચા થઇ હતી સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું છે કે નોટબંધીનો નિર્ણય લેતી વખતે અપનાવવામાં આવેલી પ્રક્રિયામાં કોઇ ખામી નહોતી તેથી તે અધિસુચના રદ કરવાની કોઇ જરૂર નથી સુપ્રીમ કોર્ટે કેન્દ્રના નિર્ણયને માન્ય રાખ્યો હતો અને કોર્ટે ૨૦૧૬માં રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટોને બંધ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને યથાવત રાખ્યો છે.

જસ્ટિસ વી વી નાગરત્ને કહ્યુ કે હું સાથી ન્યાયાધીશો સાથે સહમત છું પરંતુ મારી દલીલો અલગ છે.મેં તમામ ૬ પ્રશ્નોના જુદાજુદા જવાબો આપ્યા છે.મેં આરબીઆઇના મહત્વ અને તેના કાયદા અને દેશની આર્થિક નીતિઓનો ઉલ્લેખ કર્યો છે તેમણે કહ્યું કે ભારતીય રિઝર્વ બેંક ભારતીય અર્થતંત્રની દિવાલ છે. મેં સમગ્ર વિશ્વમાં આ પ્રકારની નોટબંધીની કવાયતનો ઈતિહાસ ટાંકયો છે.તેમણે કહ્યું કે આપણે આર્થિક કે નાણાંકીય નિર્ણયોના ગુણ દોષ શોધવાની જરૂર નથી

અત્રે જણાવવાનું કે નવ નવેમ્બરનો દિવસ દેશના અર્થતંત્રના ઈતિહાસમાં એક ખાસ દિવસ તરીકે નોંધાયેલો છે.વર્ષ ૨૦૧૬માં આ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બરાબર ૮ વાગે નોટબંધીની જાહેરાત કરી હતી આ જાહેરાત બાદ ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટોબંધ કરી દેવામાં આવી હતી સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેંચે આજે આઠ નવેમ્બર ૨૦૧૬ના રોજ થયેલી નોટબંધીને પડકારતી ૫૮ અરજીઓ પર ચુકાદો સંભળાવ્યો.આ અરજીઓમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે નોટબંધી માટે જરૂરી પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું ન હતું અને મનસ્વી રીતે નિર્ણય લેવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે અગાઉ ૭ ડિસેમ્બરે કેન્દ્ર અને ભારતીય રિઝર્વ બેંકને ૨૦૧૬માં રૂ.૧,૦૦૦ અને રૂ.૫૦૦ની નોટોને બંધ કરવાના સરકારના નિર્ણય સાથે સંબંધિત રેકોર્ડ રજુ કરવા નિર્દેશ આપ્યો હતો. અરજીકર્તાઓએ કોર્ટને નિયમો ધડવાની પણ માંગ કરી હતી જેથી આવા નિર્ણયોનું ભવિષ્યમાં ફરી પુનરાવર્તન ન થઇ શકે આ અગાઉ બેન્ચે કેન્દ્રના ૨૦૧૬ના નિર્ણયને પડકારતી અરજીઓ પર ગત સુનાવણી દરમિયાન પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

નોટબંધીની આ જાહેરાત તે જ દિવસે મધ્યરાત્રિથી અમલમાં આવી હતી. આ જાહેરાતના થોડા સમય બાદ દેશમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો.બેંકોની બહાર લાંબી કતારો જોવા મળી હતી. ૧૫૦૦ની નોટો ખર્ચવા માટે લોકો બજારમાં ઉમટી પડયા હતાં રાત્રે ૧૨ વાગ્યા સુધી લોકો સુવર્ણકારની દુકાન પર હતાં બેંકોની બહાર કતારમાં ઉભા રહીને નોટો બદલવા માટે સામાન્ય લોકોને અઠવાડિયા સુધી હાલાકી ભોગવવી પડી હતી બાદમાં ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નવી નોટો બહાર પાડવામા આવી હતી સરકારે જાહેરાત કરી હતી કે દેશમાં કાળા નાણાં અને નકલી ચલણની સમસ્યાને ખતમ કરવા માટે તેણે આ પગલું ભર્યું છે પીએમ મોદીએ ૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ અચાનક રાત્રે આઠ વાગ્યે નોટબંધીના નીર્ણયની જાહેરાત કરી હતી આ જાહેરાત બાદ સમગ્ર દેશમાં હોબાળો મચી ગયો હતો ઘણા દિવસો સુધી લોકો સવારથી રાત સુધી એટીએમ અને બેંકરોની લાઇનમાં ઉભા રહ્યાં હતાં નોટબંધીના કારણે લોકોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો. નોટબંધીના કારણે લોકોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો અને લાંબી લાઇનોને કારણે કેટલાકના મૃત્યુ પણ થયા હતાં. વિરોધ પક્ષોએ કેન્દ્ર સરકારના નિર્ણયનો સખ્ત વિરોધ કર્યો હતો અને આ મુદ્દા પર વિરોધ પક્ષો મોદી સરકારને નિશાન બનાવી રહ્યાં છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી.વી. નાગરત્ને તમામ ૫૦૦ અને ૧,૦૦૦ની નોટોના નોટબંધી (ડિમોનેટાઇઝેશન)ને સમર્થન આપતા બહુમતીના મતથી અલગ અસંમત ચુકાદો લખ્યો હતો કે ઈમેં એક્ટ કેન્દ્ર સરકારના સંકેત પર નોટબંધીનો વિચાર કરતું નથી. આ એકમાત્ર જજ છે જેમણે અલગ નિર્ણય આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે ૨૫ નવેમ્બર અને શુક્રવારના દિવસે નોટબંધીને પડકારતી અરજીઓની સુનાવણી દરમિયાન એક નિવેદનમાં જણાવ્યું હતું કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જૂની ચલણી નોટો બદલવાની ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલી અરજીઓ પર વિચાર કરવો જોઈએ. તેને બદલવાની સમયમર્યાદા ચૂકી ગયા છે. તેવા લોકોને વધુ એક તક મળવી જોઈએ. આ અંગે સુપ્રીમ કોર્ટ ૫ના રોજ પણ સુનાવણી કરી હતી. સુપ્રીમ કોર્ટ નોટબંધી અંગે અરજીની સુનાવણી આજે કરી હતી.

દેશમાં અગાઉ ૧૬ જાન્યુઆરી,૧૯૭૮ના રોજ જનતા પાર્ટીની ગઠબંધન સરકારે પણ આજ કારણોસર ૧૦૦૦ ૫૦૦૦ અને ૧૦,૦૦૦ રૂપિયાની નોટોને બંધ કરી દીધી હતી.

## નોટબંધી પર સુપ્રીમ કોર્ટનો નિર્ણય ભ્રામક અને ખોટો છે : જયરામ રમેશ

નવીદિલ્હી,તા.૨

સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેંચે ૨૦૧૬માં રૂ. ૫૦૦ અને રૂ. ૧,૦૦૦ની નોટોને બંધ કરવાના મોદી સરકારના નિર્ણયને યથાવત રાખ્યો છે. જસ્ટિસ અબ્દુલ નઝીરની અધ્યક્ષતાવાળી બંધારણીય બેંચે ૪:૧ની બહુમતી સાથે નોટબંધીની તરફેણમાં ચુકાદો આપ્યો છે. ચુકાદો આપતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેન્દ્ર અને આરબીઆઈએ નોટબંધી પહેલા એકબીજા સાથે ચર્ચા કરી હતી.

કોર્ટના 'સુપ્રિમ' નિર્ણય પર કોંગ્રેસ તરફથી પહેલી પ્રતિક્રિયા આવી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું કે નોટબંધી પર સુપ્રીમ કોર્ટનો નિર્ણય ભ્રામક અને ખોટો છે. તેમણે ઉમેર્યું હતું કે કોર્ટના નિર્ણયમાં સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે આ 'વિનાશક' નિર્ણયના નિર્ધારિત લક્ષ?યો પૂરા થયા છે કે કેમ.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે પોતાના નિવેદનમાં કહ્યું કે સર્વોચ્ચ અદાલતનો નિર્ણય નોટબંધીની પ્રક્રિયા અંગે છે. ચુકાદામાં નોટબંધીની અસર વિશે કંઈ નથી. આવી સ્થિતિમાં, એવું કહેવું કે કોર્ટે નોટબંધીને યોગ્ય ઠેરવી છે, તે સંપૂર્ણપણે ભ્રામક અને ખોટું હશે. તેમણે કહ્યું કે નોટબંધીએ વિકાસની ગતિને નુકસાન પહોંચાડ્યું, એમએસએમઈને અપંગ બનાવ્યું, અનૌપચારિક ક્ષેત્રને નષ્ટ કર્યું અને લાખો લોકોની આજીવિકાનો નાશ કર્યો.કોંગ્રેસ નેતાએ એમ પણ કહ્યું છે કે સુપ્રીમ કોર્ટના ચુકાદામાં એવું કહેવા માટે કંઈ નથી કે નોટબંધીના નિર્ધારિત ઉદ્દેશ્યો પૂરા થયા કે નહીં. તેમણે કહ્યું કે સરકાર જે કહે છે તેનાથી વિપરિત, નોટબંધીએ ચલણમાં ચલણ ઘટાડવા, કેશલેસ અર્થવ્યવસ્થા તરફ આગળ વધવું, નકલી ચલણ પર અંકુશ લગાવવો, આતંકવાદનો અંત લાવવા અને કાળા નાણાંનો પર્દાફાશ કરવા જેવા કોઈ લક્ષ?યો હાંસલ કર્યા નથી.

જણાવી દઈએ કે, સુપ્રીમ કોર્ટે ૪:૧ની બહુમતી સાથે ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટો બંધ કરવાના સરકારના ૨૦૧૬ના નિર્ણયને યથાવત રાખ્યો છે. જસ્ટિસ એસએ નઝીરની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની પાંચ જજોની બંધારણીય બેંચે કહ્યું કે આર્થિક નીતિના મામલામાં ભારે સંયમનો ઉપયોગ કરવો જોઈએ અને અદાલત નિર્ણયની ન્યાયિક સમીક્ષા દ્વારા વહીવટીતંત્રના વિવેકબુદ્ધિને બદલી શકે નહીં.જસ્ટિસ બી.વી. નાગરત્ને જોકે આરબીઆઈ એક્ટની કલમ ૨૬(૨) હેઠળ કેન્દ્રની સત્તાના મુદ્દા પરના બહુમતી ચુકાદા સાથે અસંમત હતા અને કહ્યું હતું કે રૂ. ૫૦૦ અને રૂ. ૧,૦૦૦ની નોટોની નોટબંધી કાયદા દ્વારા થવી જોઈએ, નોટિફિકેશન દ્વારા નહીં. .

'સંસદને નોટબંધી પરના કાયદા પર ચર્ચા કરવી જોઈતી હતી, આ પ્રક્રિયા ગેઝેટ નોટિફિકેશન દ્વારા થવી જોઈતી ન હતી,' તેમણે કહ્યું. દેશ માટે આટલા મહત્વના મુદ્દા પર સંસદને બાજુ પર રાખી શકાય નહીં. તેમણે એમ પણ કહ્યું કે આ નિર્ણય લેતા પહેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી કોઈ સ્વતંત્ર અભિપ્રાય લેવામાં આવ્યો ન હતો અને માત્ર તેમનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો, જેને ભલામણ કહી શકાય નહીં.જસ્ટિસ બીઆર ગવઈ, એએસ બોપન્ના અને વી રામા સુબ્રમણ્યમની બેન્ચે અવલોકન કર્યું હતું કે કેન્દ્રની નિર્ણય લેવાની પ્રક્રિયામાં ખામી ન હોઈ શકે કારણ કે આ મુદ્દા પર આરબીઆઈ અને કેન્દ્ર સરકાર દ્વારા ચર્ચા કરવામાં આવી છે. ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ કેન્દ્ર દ્વારા જાહેર કરાયેલ નોટબંધીને પડકારતી ૫૮ અરજીઓ પર સર્વોચ્ચ અદાલતે પોતાનો ચુકાદો આપ્યો હતો.

## રાજસ્થાનમાં રેકોર્ડબ્રેક દારૂનું વેચાણ થયું

જયપુર,તા.૨

એક તરફ જયપુરમાં જ્યાં નવા વર્ષની શાંતિપૂર્ણ ઉજવણી કરવામાં આવી છે. તો બીજી તરફ એક આંકડાએ બધાને ચોંકાવી દીધા છે. માત્ર બે દિવસમાં જ જયપુરના લોકોએ ૧૧૧ કરોડ રૂપિયાનો દારૂ પીધો.નવા વર્ષની ઉજવણી માત્ર બે દિવસમાં જ સંપન્ન થઈ. વેચાણનો આંકડો ૩૦ અને ૩૧ ડિસેમ્બરનો છે. આંકડા મુજબ રાજધાનીમાં સૌથી વધુ દારૂનું વેચાણ થાય છે.

રાજધાનીમાં નવા વર્ષની ઉજવણી માટે ૧૫૦ કામચલાઉ લાઈસન્સ આપવામાં આવ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા બે વર્ષમાં આ વખતે સૌથી વધુ દારૂ વેચાયો છે. તેણે તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. જ્યારે જયપુર શહેરની વસ્તી માત્ર ૪૨ લાખની આસપાસ છે અને દારૂનું વેચાણ એક અબજ રૂપિયાથી વધુ હતું.

જયપુરના એક્સાઈઝ અધિકારીઓના જણાવ્યા અનુસાર ૧૧૧ કરોડમાંથી ૧૯.૯૫ કરોડ રૂપિયાની બિયર અને ૮૭.૮૨ કરોડ રૂપિયાની ભારતીય બનાવટની વિદેશી દારૂ એટલે કે અંગ્રેજી શરાબનો પણ સમાવેશ થાય છે. નવા વર્ષના અંતે આ અત્યાર સુધીનું સૌથી વધુ રેકોર્ડ વેચાણ હતું. અગાઉ વર્ષ ૨૦૧૯માં ૩૦ અને ૩૧ ડિસેમ્બરે ૧૦૪ કરોડ રૂપિયાનું વેચાણ થયું હતું. તે સમયે પણ ઈવેન્ટ પર કોઈ પ્રતિબંધ ન હતો. વેચાણમાં આયાતી દારૂની પણ ભારે માંગ હતી. આ રેકોર્ડ અત્યારે ચર્ચામાં છે. આ વખતે દારૂનું વેચાણ એટલા માટે પણ ચર્ચામાં છે કારણ કે શહેરમાં કોરોનાને લઈને લોકોના મનમાં એક ડર હતો.

જાણકારીના અનુસાર, બે દિવસમાં સમગ્ર રાજ્યમાં ૩૫.૨૬ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ વેચાયો છે. સૌથી વધુ માંગ હોટેલ અને રિસોર્ટની માંગ રહી છે. વર્ષ ૨૦૨૧માં ૩૦-૩૧ ડિસેમ્બરે રાજસ્થાનમાં ૭૭ કરોડ ૮૨ લાખ રૂપિયાનો દારૂ વેચાયો હતો. જેમાં ૧૨ કરોડ ૬૦ લાખ રૂપિયાની બિયર અને ૬૫ કરોડ ૧૩ લાખ રૂપિયાની અંગ્રેજી શરાબનો સમાવેશ થાય છે.

## સુલ્તાનપુરી હોરર કેસઃ તમામ આરોપીઓને કોર્ટે 3 દિવસ પોલીસ રિમાન્ડમાં મોકલ્યા

નવીદિલ્હી,તા.૨

દિલ્હીમાં નવા વર્ષની રાત્રે એક ભયાનક ઘટના સામે આવી હતી. જેમાં એક કારમાં આવેલા ૫ છોકરાઓ એક છોકરીને પોતાની કારમાં ૧૦-૧૨ કિલોમીટર સુધી ઢસડી હતી. આ કેસમાં પોલીસે આરોપીઓને ઝડપી પાડી તપાસ હાથ ધરી હતી. ત્યારે આજે પોલીસે તમામને કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે કોર્ટે તમામ ૫ આરોપીઓના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

પોલીસને શનિવાર રાત્રે લગભગ ૩ વાગ્યે કાંઝાવાલા વિસ્તારમાં પીસીઆર કોલ આવ્યો જેમાં કહેવામાં આવ્યું કે એક છોકરી રસ્તાની બાજુમાં નગ્ન અવસ્થામાં પડી છે. આ માહિતી બાદ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને જોયું કે ત્યાં એક યુવતી લોહીલુહાણ હાલતમાં પડી હતી.આ મામલામાં પોલીસે જ્યારે તપાસ શરૂ કરી તો



ખબર પડી કે ૨૩ વર્ષની એક છોકરી સ્કૂટી પર પોતાના ઘરે જઈ રહી હતી, ત્યારે કારમાં સવાર પાંચ છોકરાઓ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા જેની સાથે સ્કૂટીનો કાર સાથે અકસ્માત થયો હતો. આ પછી કાર યુવતીને સુલતાનપુરથી કાંઝાવાલા વિસ્તાર સુધી લગભગ ૪ કિલોમીટર સુધી ખેંચીને લઈ ગઈ હતી. આ દરમિયાન યુવતીના શરીર પરથી તમામ કપડા અલગ થઈ ગયા હતા. યુવતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. આ પછી તેનું મોત થયું હતું. તપાસ બાદ પોલીસે કારમાં સવાર પાંચેય છોકરાઓને પકડી લીધા છે અને કાર કબજે કરી લેવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે કારમાં બેઠેલા છોકરાઓને મેડિકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી રહી છે. પોલીસ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે છોકરાઓ દારૂના નશામાં હતા કે કેમ? હાલમાં પોલીસને આ ઘટના સંબંધિત સીસીટીવી મળ્યા નથી. પોલીસનું કહેવું છે કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે.

સુલતાનપુરી વિસ્તારમાં, એસએચઓએ રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન સ્કૂટીને અકસ્માતગ્રસ્ત હાલતમાં જોઈ અને ૩.૫૩ વાગ્યે પોલીસ સ્ટેશનને જાણ કરી. સ્કૂટીના નંબરની તપાસ કરવામાં આવી, ત્યારબાદ યુવતીના ઠેકાણાની ખબર પડી. પોલીસનું કહેવું છે કે અકસ્માત બાદ યુવતી કારના પૈડામાં ફસાઈ ગઈ હતી.

### ગુજરાતનો ગઢ જીત્યા બાદ

## લોકસભા પહેલા પીએમ મોદીએ ૨૦૨૩માં આ મોટી પરીક્ષાઓ પાર પાડવી પડશે

નવીદિલ્હી,તા.૨

ગુજરાત વિધાનસભામાં ભાજપે જૂના તમામ રેકોર્ડ્સ તોડી નાખ્યા છે પરંતુ હજુ લોકસભાની ચૂંટણી પહેલા આ ૨૦૨૩ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ઘણું ખાસ રહેશે. આ વર્ષમાં થનારી પરીક્ષાઓના પરિણામ પરથી લોકસભાની ચૂંટણીની દશા અને દિશા નક્કી થઈ શકે છે.

ગુજરાતમાં ભાજપે જે રીતે ૨૦૧૭ સુધી જે રીતે ગ્રાફ નીચો આવતો હતો તેના સિલસિલાને અટકાવી દેવાની સાથે જૂના તમામ રેકોર્ડ તોડીને ૧૫૬ બેઠકો પર જીત મેળવી છે. ગુજરાતમાં ભાજપે જે કમાલ કરી બતાવી છે તેની પાછળનું કારણ મોદી લહેર યથાવત હોવાનું પાર્ટી સ્વીકારે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા વડાપ્રધાન મોદીએ મોટી પરીક્ષાઓનો સામનો કરવો પડશે. ગુજરાતમાં જે પ્રકારનું પરિણામ આવ્યું છે અને પાછલી લોકસભાની ચૂંટણીઓમાં રાજ્યમાં તમામ બેઠકો પર ભાજપે જીત મેળવી છે તેના પરથી આગામી પરિણામના આંકલન અને તેના માટેના ગણિતની તૈયારીઓ પણ શરુ કરી દેવાશે. લોકસભા પહેલા ૫ ભાજપ શાસિત રાજ્યો સહિત ઘણાં રાજ્યોની વિધાનસભા ચૂંટણી માટેની પાર્ટીનીએ તૈયારીઓ શરુ કરી દીધી છે.

ચૂંટણીની દ્રષ્ટીએ ભાજપ માટે ૨૦૨૨નું વર્ષ શાનદાર રહ્યું છે જેમાં ભાજપે મજબૂત ગઢને રેકોર્ડ સાથે ફરી અહીં ભગવો લહેરાવ્યો છે તો ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને મણિપુરમાં ફરી બહુમતી સાથે સરકાર બનાવવામાં સફળતા હાંસલ કરી. હવે ૨૦૨૩નું વર્ષ ભાજપ માટે મહત્વનું સાબિત થશે, કારણ કે આ વર્ષમાં થનારી વિધાનસભાની ચૂંટણીઓ વર્ષ ૨૦૨૪માં આવી રહેલી લોકસભાની ચૂંટણીની દશા અને દિશા નક્કી કરશે.

આ વર્ષે રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ અને જમ્મુ-કાશ્મીર સહિત ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની વિધાનસભા ચૂંટણી થવાની છે. રાજસ્થાન અને છત્તીસઢમાં હાલ કોંગ્રેસની સરકાર છે. કોંગ્રેસ મુક્ત ભારતના નારા સાથે ભાજપ આ બે રાજ્યોમાંથી પણ કોંગ્રેસને મુક્ત કરવાની તૈયારીઓમાં લાગી ગઈ છે. ભાજપ રાજસ્થાનમાં અશોક ગેહલોત અને છત્તીસગઢમં ભૂપેશ બધેલને હરાવીને ગાંધી પરિવારને મોટો આંચકો આપવા માગે છે. કારણ કે આ બન્ને નેતા ગાંધી પરિવાર સાથે નીકટના સંબંધ ધરાવે છે. માટે જ લોકસભાની ચૂંટણીમાં સંપૂર્ણ બહુમતી સાથે ફરી સત્તામાં આવવા માટે નરેન્દ્ર મોદી સામે આ રાજ્યોમાં કંઈક નવું કરી બતાવવાની પરીક્ષા રહેશે. આ સાથે પોતાના ગઢને સાચવવા માટેના પણ પડકારો રહેશે.

આ વર્ષે કર્ણાટક અને મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ બન્ને રાજ્યોમાં હાલ ભાજપની સરકાર સત્તામાં છે અને આગામી ચૂંટણીમાં ભાજપની અહીં સીધી ટક્કર કોંગ્રેસ સાથે થશે. ભાજપ સામે પોતાના મજબૂત કિલ્લા મધ્યપ્રદેશ અને દક્ષિણ ભારતના કર્ણાટકમાં ફરી સરકાર બનાવવાનો પડકાર રહેશે. આ રાજ્યોમાં સત્તામાં રહેવા તથા બાકીના રાજ્યોમાં પણ ભગવો લહેરાવવા માટેની તૈયારીઓ ભાજપ દ્વારા શરુ કરી દેવાઈ છે.સંભાવનાઓ એવી છે કે આ વર્ષે જ જમ્મુ-કાશ્મીરમાં પણ ચૂંટણી થઈ શકે છે. આ ચૂંટણી ભાજપ માટે મહત્વની સાબિત થશે. જમ્મુમાં ભાજપ મજબૂત સ્થિતમાં છે, પરંતુ પાર્ટી આ વખતે કાશ્મીર વેલીમાં પણ મજબૂતી સાથે પોતાની જીત નોંધાવવા માટે પૂરજોશમાં કોશિશ કરશે. કલમ ૩૭૦ દૂર કરાયા બાદ જમ્મુ-કાશ્મીરમાં સારું પ્રદર્શન તેના રાજકીય વિરોધીઓને બેકફૂટ પર લાવી શકશે. ત્રિપુરામાં પણ ભાજપે પોતાના મુખ્યમંત્રી બદલ્યા છે.

શક્ય છે કે વર્ષની શરુઆતમાં જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાનો કાર્યકાળ આગામી વર્ષે પૂર્ણ થવાનો છે, વર્ષ ૨૦૨૩માં થનારી ચૂંટણીની રણનીતિ બનાવવા અને તેની લાગુ કરવા માટે ભાજપ હાઈકમાન્ડ સમય-સમયે દિલ્હી અને જે રાજ્યોમાં ચૂંટણી થવાની છે ત્યાં જઈને સમીક્ષા કરશે.

## તંત્રી સ્થાનેથી...

# ઓટીટી પ્લેટફોર્મ પર દર્શકોની સતત વધતી સંખ્યા

*છેલ્લા બે સપ્તાહમાં બૉલીવુડ ફિલ્મો બાદ ગુજરાતી ફિલ્મો માટે ચર્ચા કરી, એ દરમિયાન વર્ષ ૨૦૨૨ની વિદાય સમયે ગુજરાતી ફિલ્મોની વાતમાં, વર્ષ ૨૦૨૨ માટે પણ ટોપ સ્ટાર મલ્હાર ઠાકર અને યશ સોની જ રહ્યા છે! તેમાં ગુજરાતી ફિલ્મોની ૨૦૨૨ની ફાઈનલી એક સંપૂર્ણ યાદી બહાર આવી છે, અને એ યાદી પ્રમાણે એક વર્ષમાં ૧૦૦ ગુજરાતી ફિલ્મો આવી... આ ખુબ મોટા ગૌરવની વાત છે! જેની સાથે એ પણ સમજવા જેવું છે કે આ તમામ ફિલ્મો હવે અર્બન ગુજરાતી ફિલ્મો છે અને મલ્ટીપ્લેક્સ થિયેટરમાં જ આવે છે, છતાં ૧૦૦ ગુજરાતી ફિલ્મોનો વકરો ટોપ ૨૨ બૉલીવુડ ફિલ્મોની આવકની નજીક તો નથી જ. બલ્કે અજય દેવગન એકલાની ફિલ્મોની આવક જેટલો પણ ન હોવાની વાત છે. પણ એ વાત સ્વીકાર્ય છે કે મલ્ટીપ્લેક્સ થિયેટરવાળા ગુજરાતી ફિલ્મના શૉ મુકી રહ્યા છે. માટે હવે એક સ્ટેપ આગળ વધીને ટોપની ૧૦ ગુજરાતી ફિલ્મો ને હિન્દીમાં ડબ કરીને રજૂ કરવાનું સાહસ જરૂરી છે. તો કદાચ, ખરેખર ટોપના કલાકારો ગુજરાતી ફિલ્મો તરફ આકર્ષિત થશે અને પ્રગતિ ઉપર તરફ જરૂર થશે. જેમ કે બૉલીવુડ કલાકારો આજે ઓછી આવક હોવા છતાં ઓટીટી પ્લેટફોર્મ પર ફિલ્મો કરવા સાથે વેબસિરીઝ તરફ પણ વળી રહ્યા છે. ગત વર્ષ ૨૦૨૨માં ઓટીટી પ્લેટફોર્મ પર ફિલ્મો અને વેબસિરીઝ રજૂ થયાની ટોપ ૯ યાદીમાં રસપ્રદ નામ અને વિષય સાથે જોનાર લોકો - પ્રેક્ષકોની સંખ્યા મોટી થતી જાય છે, જે આ મોટા કલાકારોના નામ સાથે એ પ્લેટફોર્મ પણ ભવ્ય સફળતા તરફ જઈ રહ્યું છે. પ્રથમ ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ થયેલ નોંધપાત્ર બૉલીવુડ મુવીઝમાં (૧) ખુદા હાફિઝ ચેપ્ટર ૨, વિદ્યુત જામવાલ (૨) દસવી, અભિષેક બચ્ચન (૩) ગોવિંદા મેરા નામ, વિકી કૌશલ (૪) ફ્રેડી, કાર્તિક આર્યન (૫) કટપુતલી, અક્ષય કુમાર (૬) ડાર્લિંગ, આલિયા ભટ્ટ (૭) બબલી બાઉન્સર, તમન્ના ભાટિયા (૮) જન હિત મેં જારી, નુસરત ભરુચા અને (૯) પ્લાન એ પ્લાન બી સાથે રિતેશ દેશમુખ જેવા ટોચના કલાકારો ઓટીટી ફિલ્મ માટે સહમત થયા. આ ફિલ્મોને રેકોર્ડ નવા વ્યુવર મળવા સાથે આ બૉલીવુડ કલાકારોએ પોતાની અભિનય ક્ષમતા બતાવવા નવો વિકલ્પ શોધી કાઢી પ્રગતિનું વધુ એક ડગલું આગળ વધ્યા છે. ઓટીટી પ્લેટફોર્મ પર ફિલ્મો તો કદાચ સેન્સર નિયમ પ્રમાણે રજૂ થાય છે, પણ વેબસિરીઝ રજૂ કરવાની વાતમાં તો હાય તોબા... જ કહેવાય! ગત ૨૦૨૨માં ઓટીટી પ્લેટફોર્મ પર ફિલ્મો ઉપરાંત વેબસિરીઝ રજૂ થયાની ટોપ ૯ યાદીમાં (૧) રૂદ્ર, અજય દેવગન (૨) પંચાયત ૨, રઘુવીર યાદવ અને નીના ગુપ્તા (૩) બ્રેધ, અભિષેક બચ્ચન (૪) મહારાની ૨, હુમા કુરેશી (૫) આશ્રમ ૩, બોબી દેઓલ અને એશા ગુપ્તા (૬) અપહરણ ૨, (૭) જમતારા ૨, (૮) કાઠમંડુ કનેકશન ૨ અને (૯) ક્રિમિનલ જસ્ટિસ ૩ સાથે એ અનસેન્સર્ડ પ્રવાહ પણ આગળ વધતો જાય છે. આ નવી વેબસિરીઝ જોવાની વાતમાં બે વર્ષ અગાઉ સલીલ દલાલ એ લખેલ કે ★મોટાભાગની વેબસિરીઝ જોતાં પ્રિય વડીલ સાહિત્યકારો વિનોદ ભટ્ટ અને તારક મહેતા સતત યાદ આવ્યા કરે છે! વિનોદ ભાઈની 'ઈદમ તૃતિયમ'માં કોઈક વાર સંવાદમાં 'સાલા' લખવાનું જરૂરી જ હોય તો એ 'સા...' એમ લખી દેતા અને વાચકો જાતે અધ્યાહાર પૂરો કરી લેતા. તો તારકભાઈની 'ચિત્રલેખા'ની સિરીઝ 'દુનિયાને ઊંધાં ચશ્માં'માં એ કૌંસમાં 'ગાળ' એટલું લખી દેતા. પાત્રનો વધારે ગુસ્સો દેખાડવા ક્યારેક તો (ગાળ... ગાળ...) એમ પણ લખી દેતા. એ સભ્યતાની સામે આજે તો વેબસિરીઝમાં કેટલી અને કેવી કેવી ગાળો બોલાતી રહે છે! સેન્સર પાસે જવાની જરૂર ન હોય તો પણ સ્વયં નિયંત્રણ તો રાખી શકાયને? નગ્નતા અને ઈન્ટિમેટ સીન્સની પણ કેટલીક સિરીઝમાં એવી હદ વટાવાતી હોય છે કે સપરિવાર જોવાની તો દૂરની વાત છે, ક્યારેક તો પતિ-પત્ની પણ મુંઝવણમાં મૂકાઈ જઈ શકે!*

# ચીનમાં ગાય માટે સ્માર્ટ વોચ શોધાઇ??સ્માર્ટ વોચના વળતા પાણી ? તમારી સ્માર્ટ વોચ ગાયના ગમે તે પગે પહેરાવી દો

છાયાયંત્ર/શંકુયંત્રનાં મૂળિયાં છાયા ઘડિયાળોમાં મળે છે, દિવસના જુદા જુદા ભાગોને માપવા માટે વપરાતાં તે પ્રથમ યંત્રો હતાં. સૌથી પુરાણી છાયા ઘડિયાળ મિસર(ઈજિપ્ત)ની છે, અને તેને સ્તરવાળાં લીલા ખડકમાંથી બનાવવામાં આવી હતી. ઈ.સ. પૂર્વે આશરે ૩૫૦૦માં બંધાયેલાં, પ્રાચીન મિસરના સ્તંભો, પણ સૌથી પુરાણી છાયા ઘડિયાળોમાંના એક છે.

સૌથી પૂર્વકાલીન ઘડિયાળો સૂર્યના કારણે પડતા પડછાયાઓ પર આધાર રાખતી હતી, અને તેથી વાદળિયાં વાતાવરણમાં અથવા રાત્રે તેનો ઉપયોગ થઈ શકતો નહીં .જેમ ઋતુનું પરિવર્તન થાય તેમ (જો સમયદર્શક શંકુ પૃથ્વીની ધરી સાથે યોગ્ય રીતે ગોઠવાયેલો ન હોય તો) તેને પુનઃગોઠવવાની જરૂર પડતી હતી. જેણે આવર્તક ઊર્જાને રહી રહીને થતી ગતિમાં રૂપાંતરિત કરી, તે જળ શક્તિથી ચાલતી ગતિનિયામક કળની પ્રણાલી ધરાવતી સૌથી શરૂઆતની પ્રાચીન ગ્રીસમાં ઈ.સ. પૂર્વે ૩જી સદીના વખતમાં બની હતી. તે પછી ૧૦મી સદીમાં ચીની ઈજનેરોએ પારાની શક્તિથી ચાલતી ગતિનિયામક કળ પ્રણાલીઓ ધરાવતી ઘડિયાળોની શોધ કરેલી.અને ત્યારબાદ ૧૧મી સદીમાં અરબી ઈજનેરોએ ગિયર અને વજનથી ચાલતી જળ ઘડિયાળોની શોધ કરી.

સમય માપણીની હાલની સેક્સાજેસિમલ (૬૦મા ભાગ પર આધારિત) પ્રણાલીનાં મૂળિયાં લગભગ ઈ.સ. પૂર્વે ૨૦૦૦ના વખતમાં, સુમેરમાં રહેલાં છે. પ્રાચીન મિસરના લોકોએ દિવસને ૧૨-કલાકના સમયગાળાઓમાં વહેંચ્યો હતો, અને સૂર્યના હલનચલનની જાણકારી રાખવા માટે તેઓ વિશાળ અણીદાર સ્તંભો વાપરતા હતા. તેમણે જળ ઘડિયાળો પણ વિકસાવી હતી, જે મોટા ભાગે કદાચ સૌથી પહેલાં અમુન-રેના પરિસરમાં વપરાઈ હતી, અને પાછળથી મિસરની બહાર પણ વપરાતી થઈ હતી; પ્રાચીન ગ્રીકો તેને ક્લેપ્સાઈડ્રે (જળ ઘડિયાળ) કહેતાં, તેઓ તેનો બહુધા ઉપયોગ કરતા હતા. એ જ ગાળામાં શાંગ રાજવંશ બહાર વહેતો પ્રવાહ ધરાવતી જળ ઘડિયાળ વાપરતો હોવાનું માનવામાં આવે છે, જેને ઈ.સ. પૂર્વે ૨૦૦૦ જેટલા પહેલાના વખતમાં મેસોપોટેમિયામાંથી વિકસાવવામાં આવી હતી. અન્ય પ્રાચીન સમયદર્શક સાધનોમાં સામેલ છે ચીન, જાપાન, ઈંગ્લૅન્ડ અને ઈરાકમાં વપરાતી, મીણબત્તી ઘડિયાળ; ભારત અને તિબેટ તેમ જ યુરોપના કેટલાક હિસ્સાઓમાં વ્યાપક પણે વપરાતી, સમયછડી; અને જળ ઘડિયાળની જેમ જ કામ કરતી રેતીની ઘડિયાળ. એક જમાનામાં લોકો કાચની શીશીના ઉપરના ભાગે રેતી ભરતા વચ્ચે સાંકડું છીદ્ર રહેતું. જેમાંથી રેતી પડીને નીચેના ભાગમાં રેતી પડતી હતી. જેને રેત ઘડિયાળ કહેવામાં આવે છે. પોર્ટુગીઝ વહાણવટી ફેર્ડીનાન્દ માગેલાને ૧૫૨૨માં પૃથ્વી ફરતે તેની વહાણની પ્રદક્ષિણા દરમ્યાન દરેક વહાણ પર ૧૮ રેત-ઘડિયાળો વાપરેલી.

૧૪મી સદીમાં યુરોપમાં ૧૪ મી સદીના આરંભે ધાર પર ગતિનિયામક કળ પ્રણાલીઓ ધરાવતી યાંત્રિક ઘડિયાળોની શોધ થઈ, અને ૧૬મી સદીમાં સ્પ્રિંગ-સંચાલિત ઘડિયાળ અને ખિસ્સા ઘડિયાળ ન આવી ત્યાં સુધી તે સમય જાણવા માટેના ધોરણસરના સાધન તરીકે બની રહી, ત્યારબાદ ૧૮મી સદીમાં લોલક ઘડિયાળ આવી. ૨૦મી સદી દરમ્યાન, ક્વાર્ટઝ ઑસિલેટર(લોલક)ની શોધ થઈ, જેના પછી અણુ ઘડિયાળોની શોધ થઈ. શરૂઆતમાં ક્વાર્ટઝ ઑસિલેટરોનો ઉપયોગ અલબત્ત પ્રયોગશાળાઓમાં થતો હતો, પણ ઉત્પાદન કરવા માટે તથા ચોક્સાઈ બંનેમાં તે આસાન હતા, એટલે કાંડા ઘડિયાળોમાં તેમનો ઉપયોગ થવા માંડ્યો. અણુ ઘડિયાળો એ પહેલાંનાં કોઈ પણ સમયદર્શક સાધનો કરતાં ઘણી વધુ ચોક્કસ છે, અને અન્ય ઘડિયાળોને ગોઠવવા માટે તથા પૃથ્વી પર સાચો સમય ગણવા માટે તેમનો ઉપયોગ થાય છે; પ્રમાણભૂત લૌકિક પ્રણાલી, કો-ઓર્ડિનેટેડ યુનિવર્સલ ટાઈમ (સંયોજિત વિશ્વ સમય) એ અણુ સમય પર આધારિત છે.

પ્લેટોએ જળ ઘડિયાળો, અથવા ક્લેપ્સાઈડ્રેની રજૂઆત કરી તે પછી પ્રાચીન ગ્રીસમાં તેમનો પ્રચલિતપણે ઉપયોગ થવા માંડ્યો હતો, પ્લેટોએ તો જળ આધારિત અલાર્મ ઘડિયાળ પણ શોધી હતી.

પ્રથમ યાંત્રિક ઘડિયાળ ગ્રેગરી (ઈ. સ. ૬૦૬), ગરબર્ટે (મેડજેબર્ગ, જર્મની, ઈ. સ. ૯૯૬) બનાવેલું અને પછી ઈ. સ. ૧૦૦૦ની આસપાસ તે ચીનમાં બનાવવામાં આવેલ, પણ તેનો આગળ કદી વિકાસ થયો નહિ. ઈ. સ. ૧૩૩૫માં મિલનમાં ઘડિયાળ બનાવવામાં આવેલું. અંત્ય કાળ પ્રયુક્તિનો ઉપયોગ કરે તેવાં સુવિકસિત રચનાવાળાં ઘડિયાળો રૂઆન ફ્રાન્સ (૧૩૭૯), સેલિસબરી (૧૩૮૬) અને વેલ્સ(ઈ. સ. ૧૩૯૨)માં બનાવવામાં આવેલાં. વુરટેમબર્ગના રહેવાસી હેન્રી દ. વિકે રાજા ચાર્લ્સ પાંચમા (રૉયલ પૅલેસ, પૅરિસ; પાછળથી પૅલેસ દ જસ્ટિસ) માટે ૨૨૭ કિલો વજનથી ચાલતું ફોલિયોટ બૅલેન્સ અને ક્રાઉન વ્હીલથી ચાલતું ઘડિયાળ બનાવી આપ્યું. તેમાં ડાયલ પર કલાકનો એક જ કાંટો હતો. અંત્ય કળ ધરાવતું ઘડિયાળ હાલમાં પણ સેલિસબરીના દેવળમાં રાખવામાં આવેલું છે. આવાં ઘડિયાળો ચલાવવા એક ભારે વજનને દોરીના છેડે લગાડી અને દોરીને એક ડ્રમની ગોળ સપાટી પર વીંટાળવામાં આવતી. ભારે વજન દોરીને ખેંચે અને ડ્રમ પર વીંટાળેલી દોરી ખૂલતી જાય અને ડ્રમ ફરતું જાય. આ ડ્રમ સાથે ઘડિયાળના કાંટા લગાડેલા હોય છે તેની સાથે દાંતાવાળાં ચક્કર અથવા શ્રેણીબદ્ધ ગિયર લગાડેલાં હોય છે. જેમ જેમ ડ્રમ ફરતું જાય છે તેમ તેમ ઘડિયાળના કાંટા ઘડિયાળના ડાયલ પર વ્યવસ્થિત રીતે ફરતા રહે છે. કાંટા વ્યવસ્થિત રીતે ફરે તે માટે ડ્રમના ફરવાનો દર ઈસ્કેપ્મેન્ટ પ્રયુક્તિ દ્વારા નિયંત્રિત થાય છે. શરૂઆતનાં આવાં ઘડિયાળોમાં કાંટા કે ડાયલ નહોતાં. ફક્ત ટકોરાથી સમય દર્શાવવામાં આવતો. ત્યારપછી તેમાં ડાયલ અને કલાકનો કાંટો મુકાયો. ઈ. સ. ૧૬૮૦માં મિનિટનો કાંટો ઉમેરાયો અને દસ વર્ષ પછી સેકંડનો કાંટો પણ આવી ગયો.

હાલમાં વપરાતી કાંડા-ઘડિયાળમાં પાંચ નાનાંમોટાં (દાંતાવાળાં) ચક્ર એક-બીજા સાથે જોડેલાં હોય છે. તેમાં સૌથી મોટા ચક્ર સાથે મુખ્ય કમાન જોડેલી હોય છે. છેલ્લા નાના ચક્રની સાથે લીવર લગાડેલું હોય છે જે બૅલન્સ અને બૅલન્સની કમાન સાથે જોડેલું હોય છે. ઘડિયાળને મોગરા વડે ચાવી આપવામાં આવે છે ત્યારે મુખ્ય કમાન એકદમ ચુસ્ત થઈ જાય છે. ચુસ્ત થયેલી કમાન જેમ જેમ ખૂલતી જાય છે તેમ તેમ તે પ્રથમ ચક્રને દર આઠ કલાકે એક પૂર્ણ ચક્કરના દરે તેની ધરી પર ફેરવે છે. આ ચક્ર તેને લાગેલા દાંતાવાળા અને તેનાથી નાના ચક્રને ફેરવે છે. પ્રથમ ચક્રના આઠમા ભાગના સમયથી તે ફરતું હોય છે. તેનો અર્થ એ થયો કે બીજા ચક્રને એક પૂર્ણ ચક્કર ફરવા માટે ૧ કલાકનો સમય લાગે છે. આ ચક્રની સાથે મિનિટનો કાંટો લગાડેલો હોય છે, જે પણ ડાયલ પર આખું ચક્કર પૂરું કરવા ૧ કલાકનો સમય લે છે. કલાકનો કાંટો પણ આ બીજા ચક્ર સાથે જોડાયેલો હોય છે, પણ તે બીજા ગિયર-ચક્ર સાથે હોય છે જે બીજા ચક્રનું એવી રીતે જ નિયમન કરે છે, જેથી તે કાંટો ૧૨ કલાકમાં એક પૂર્ણ ચક્કર પૂરું કરે. બીજું ચક્ર ત્રીજાને, ત્રીજું ચક્ર ચોથાને અને તેમ બધાં ચક્રો એકબીજાંને નિયમબદ્ધ ફેરવતાં રહે છે. પાંચમું ચક્ર ઈસ્કેપ્મેન્ટ ચક્રના ભાગ રૂપે હોય છે જે ઈસ્કેપ-ચક્ર, બૅલન્સ-ચક્ર અને હેરસ્પ્રિંગ(વાળ જેવી બારીક કમાન)નું બનેલું હોય છે. ઈસ્કેપ્મેન્ટ મુખ્ય કમાનની ઊર્જાનું નિયમન કરે છે. બૅલેન્સ પર લાગેલી હેરસ્પ્રિંગ લોલકનું કાર્ય કરે છે. બૅલન્સ-ચક્રને નિયમિત ચાલુ રાખવાનું કાર્ય ઈસ્કેપ-ચક્રથી થાય છે, જેનું નિયમન મુખ્ય કમાન કરે છે. જ્યારે બૅલન્સ-ચક્રો કાર્યરત બને છે ત્યારે તે હેરસ્પ્રિંગને ખેંચે છે. હેરસ્પ્રિંગ બૅલન્સ-ચક્રને બીજી દિશામાં ખેંચે છે. તેથી બૅલન્સ-ચક્ર વ્યવસ્થિત રીતે એક બિંદુથી બીજા બિંદુએ ( ક્રહહ્ર કી) ફરે છે. તે આમ ફરે છે ત્યારે તે લીવરને લગાડેલ બે પિનો અથવા પેલેટો ઈસ્કેપ-ચક્રના દાંતાને થોડો સમય જકડી રાખે છે. પછી તે પાછું છટકે છે. પેલેટ દાંતાવાળા ઈસ્કેપ-ચક્રને સખત રીતે જકડી રાખે છે ત્યારે ઈસ્કેપ-ચક્રને ધક્કો વાગે છે, જે ધક્કો હેરસ્પ્રિંગને પણ લાગે છે અને આમ હેરસ્પ્રિંગ પોતાનું કાર્ય કરતી રહે છે. બીજી પેલેટ, ઈસ્કેપ-ચક્રને ફરીથી રોકે તે પહેલાં ચક્રનો એક દાંતો આગળ વધવા થોડો સમય લે છે અને આ રીતે બૅલન્સ-ચક્ર ઈસ્કેપ-ચક્રને અમુક ચોક્કસ સમય (એક દાંતો ફરે તેટલા સમય) માટે નિયમિત રીતે ફરતું રાખે છે. જ્યારે એક દાંતો છટકે છે ત્યારે તે 'ટિક' અવાજ કરે છે. ઘડિયાળમાં થતો 'ટિકટિક' અવાજ આ કારણથી સંભળાય છે. બધાં કાંડા-ઘડિયાળોમાં રત્નો (દ્ઘીહ્વીજ) હોય છે, જેની સંખ્યા ઘડિયાળના ડાયલ પર લખેલી હોય છે. રત્નોને બેરિંગ તરીકે વાપરવામાં આવે છે, જે ફરતા ભાગ સાથે ઘસાતાં હોય છે. કેટલીક વખતે તેમાં કુદરતી રત્નો વપરાય છે, તો કેટલીક વખતે તે સંશ્લેષિત (જઅહરૈંષ્ઠ) પણ હોય છે. રત્નો તરીકે મોટા ભાગે નીલમ(જટ્ઠૈંરૈ)નો ઉપયોગ કરવામાં આવે છે. તે સખત હોવાથી તેના પર ઘસારો લાગતો નથી. ફરતા ભાગોનો ઘસારો તે ઘણો ઓછો કરી નાખે છે; જેથી તે ભાગો લાંબો વખત ચાલે અને તેમને વારે ઘડીએ બદલવા પડે નહિ. ઘડિયાળ ઘણા પ્રકારનાં હોય છે; જેમ કે, ભીંત-ઘડિયાળ ટેબલ-ઘડિયાળ ખિસ્સા-ઘડિયાળ કાંડા-ઘડિયાળ.

ઘડિયાળ હોય કે રમકડું તેને ચાવી ભરવી પડે છે. હિન્દીમાં મગરને પણ ઘડિયાળ કહે છે. જે કોઈની જીવનચાવી બંધ કરી દે છે!!જૂના જમાનામાં કાંડા ઘડિયાળ ઉપલબ્ધ ન હતી ત્યારે રાજા કે નગરશેઠ કે દાનવીર નગર કે ગામના મધ્યભાગમાં સૌને દેખાય તેવી ઉંચાઇ પર મોટી ઘડિયાળ લગાવતા હતા. જેનું લોલક ડાબેથી જમણે જાય અને પાછું ફરતું. આ ઘડિયાળમાં અર્ધી કલાકનો એક ઘંટો કે ટકોરો વાગતો હતો. કલાક પૂરી થાય ત્યારે જેટલા વાગ્યા હોય તેટલા ટકોરા વાગતા હતા!! રાતની નિરવ શાંતિમાં ઘડિયાળના ટકોરા સ્પષ્ટપણે સંભળાતા હતા!! અનિદ્રાના રોગીને પથારીમાં કેટલું આળોટવાનું છે તેનો ખ્યાલ રાખવા માટે સુવ્યવસ્થા હતી. બાકી, ઘોડા વેચીને ઘસઘસાટ ઉંઘનારને ઘડિયાળના ઘંટા વાગે કે ન વાગે તેમને કોઇ ફેર પડતો નહીં કે ફેર ચડતો નહીં!!

ઘડિયાળ જરૂરત છે કે ફેશન કમ દેખાડો છે તે આદિકાળથી નક્કી થઇ શકયું નથી.

એક જમાનામાં મોબાઇલના આગમન પહેલાં વન લાઇન ટુ લાઇન પેજર આવતા. જેમાં મેસેજ આવતા. બાજુના પીસીઓમાં જઇ ફોન કરવો પડતો. તેમ છતાં લોકો, એડવાન્સ છે તેવું દેખાડવા પેન્ટના બોલ્ટમાં સૌને દેખાય તેમ પેજર લઈને ફરતા. હમણા હમણાથી પુરૂષો બાઇક કે ગાડીની ચાવી પેન્ટમાં બેલ્ટ ભરાવાની પટ્ટીમાં લબડાવે છે. માનો માનુનીએ કમરે કંદોરો લટકાવ્યો ન હોય!!

એક જમાનામાં લોકો સો-દોઢસો ગ્રામ વજનની સ્ટેનલેસ સ્ટીલની દાણચોરીની રાડો અને રિકો રિસ્ટવોચની બોલબોલા હતી.

આજે સ્માર્ટ વોચ સ્ટેટસ સિમ્બોલ છે. સ્માર્ટ વોચ એ હાથની કાંડામાં પહેરી શકાય તેવું કોમ્પ્યપટર છે. જેમાં ઘણી સુવિધા હોય છે. જેમાં સેવ અવર સૌલ ( જીંજી) જેવી પણ સગવડ હોય છે. અનેક સગવડોવાળી લાખો રૂપિયાની કિંમત હોય છે . સેલિબ્રિટીથી લઇને સામાન્યજન સ્માર્ટ વોચ વાપરે છે!!

ઘડિયાળ વિશે એક નિર્વિવાદ સત્ય એ છે ચાલીસ રૂપિયાથી ચાલીસ લાખ રૂપિયાની ઘડિયાળ સમય બતાવે છે.કદાચ ઓગણીસ એકયાશીનો તફાવત રહેતો હશે. પરંતુ, ખોટી કે બંધ પડેલ ઘડિયાળ દિવસમાં બે વાર તદન સાચો સમય બતાવે છે, જેમાં કોઈ મીનમેખ નથી!! જીવનમાં પણ ઘડિયાળ વણાઇ ગઇ છે.કોઇ લપિયો છે તેવું કહેવા સવા નવ ને પાંચ છે તેમ કહેવાય છે. કોઇ કાર્યક્રમ પૂર્વ નિધારિત કરતા મોડો થાય તો ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમે શરૂ થયેલ છે તેમ કહેવાય છે!!!

હવે માણસોમાં સ્માર્ટ વોટના વળતા પાણી થવાની સંભાવના એકાએક વધી ગઇ છે. કેમ કે, ચીનની જિયાતોંગ યુનિવર્સિટીના સંશોધકોએ ગાય માટે ખાસ સ્માર્ટવોચ ડિઝાઈન કરી છે. ચીનની ગાયો હવે સ્માર્ટવોચ પહેરશે. આ સ્માર્ટવોચ ખેડૂતો-પશુપાલકોને ગાયના સ્વાસ્થ્યની, ખાવા-પીવાની વિગતો આપશે અને સમય સમયે સ્માર્ટફોનમાં એલાર્મ મૂકશે. તેનાથી દૂધનું ઉત્પાદન વધશે એવો દાવો સંશોધકોએ કર્યો હતો.ચીનમાં બનેલી ગાય માટેની સ્માર્ટવોચ ખેડૂતો-પશુપાલકો માટે ખૂબ જ ઉપયોગી થઈ પડશે એવો દાવો જિયાતોંગ યુનિવર્સિટીના સંશોધકોએ કર્યો હતો. આ સ્માર્ટવોચ ગાયના ગળામાં પટ્ટાની જેમ બાંધી શકાશે. અથવા પગમાં ખરીની ઉપર બાંધી શકાશે. આ વોચના કારણે ગાય પર મોનિટરિંગ રાખી શકાશે.

ચરવા મૂકેલી ગાયનું લોકેશન, તેણે કેટલું ઘાસ ખાધું, કેટલું પાણી પીધું, હવે ક્યારે ખાવાનું આપવાનું છે અને ક્યારે પાણી આપવાનું છે તેની વિગતો સ્માર્ટવોચના માધ્યમથી ખેડૂતો-પશુપાલકોના સ્માર્ટફોનમાં મળશે. એટલું જ નહીં, ગમાણમાં બાંધ્યા પછી ગાયનું છાણ વેરાઈ જશે એનો એલાર્મ પણ મળશે. તાપમાન, ઓક્સિજન લેવલ સહિત ગાયને કેટલી વાર સુધી ખૂલ્લામાં ચરવા મૂકવી જોઈએ એનો ડેટા પણ મોબાઈલમાં દેખાડશે.

આજે ગાય માટે સ્માર્ટ વોચ બની છે. કાલ કાગડા, કૂતરા કે મચ્છરો માટે સ્માર્ટવોચ બનવાની સંભાવના તીવ્રતમ બની છે!!

તમે જેના કારણે રોલા પાડ્યા તે ડફોળ વ્યકિત માટેની તમારી સ્માર્ટ વોચ ગાયના ગમે તે પગે પહેરાવી દો અને ડબલા વોચ જેવી કાંડા ઘડિયાળ ધારણ કરી લો તેમાં જ તમારું ભલું છે!!!

ભરત વૈષ્ણવ
૨.૧.૨૦૨૩.

# કર્ણાટકમાં કોંગ્રેસના સીએમ ઉમેદવાર કોણ નક્કી કરશે?

બેંગ્લુરૂ,તા.૨

કર્ણાટકની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસ પાર્ટી મુખ્યપ્રધાન પદના ઉમેદવાર સાથે કુસ્તી કરી રહી છે. તે જ સમયે, કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ ડીકે શિવકુમારે હવે આ મામલે નિવેદન જાહેર કર્યું છે.

તેમણે કહ્યું છે કે એપ્રિલ-મેમાં સંભવિત વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટી સત્તા પર આવશે તો પાર્ટી હાઈકમાન્ડ નક્કી કરશે કે મુખ્યમંત્રી કોણ હશે.

શિવકુમારે કહ્યું કે મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી આ અંગે નિર્ણય લેશે. તેઓ જે પણ નિર્ણય લે છે તે અમારા માટે પ્રસાદ સમાન છે. જેમ જેમ કર્ણાટકમાં ચૂંટણી નજીક આવી રહી છે, સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર આડકતરી રીતે પોતપોતાનો દાવો રજૂ કરતા જોવા મળી રહ્યા છે. જો કે મીડિયાની સામે બંને નેતાઓ આ મુદ્દે નિવેદનબાજી કરવાનું ટાળતા જોવા મળે છે.

કેટલીકવાર ગૃહમાં બંને પક્ષોના સમર્થકો વચ્ચે મતભેદો પણ જોવા મળી રહ્યા છે.

મહાદયી નદીના પાણી મુદ્દે ભાજપને 'જૂઠાણાની યુનિવર્સિટી' ગણાવતા શિવકુમારે કહ્યું કે સાડા ત્રણ વર્ષથી તેઓ (ભાજપ) મહારાષ્ટ્રમાં તેમની સરકાર હોવા છતાં કંઈ કરી શક્યા નથી.

અમારા મોટાભાગના ધારાસભ્યો 'ઓપરેશન લોટસ' દ્વારા ગોવામાં સત્તામાં છે અને ત્યાં પણ સત્તામાં છે, જેમ કે તેઓ કર્ણાટકમાં હતા.

વેલકમ-૨૦૨૩
સૌને નવા વરસમાં,
મિઠાઇના સ્વાદ મળે.
મનગમતા કે મનગમતીને
રોજ સ્નેહના સંવાદ મળે.
કોઇને કોઇની રતિભાર,
રાવ કે ન ફરિયાદ મળે.
રૂબરું મળો કે ન મળો તો,
વરસભર લીલી યાદ મળે.
સાચા સ્નેહના તાળા મળે,
જીવનમાં નફરત બાદ મળે!!
ભરત વૈષ્ણવ
૨.૧.૨૦૨૩.# કવિતા

# ૧૬ મહિનાના રેકોર્ડ સ્તર પર પહોંચી બેરોજગારી : ડિસેમ્બરમાં બેરોજગારી દર ૮.૩૦% પર પહોંચ્યો, શહેરોમાં હાલત વધુ ખરાબ

## આ વર્ષે મોંઘવારીએ લોકોને ખૂબ જ પરેશાન કર્યા છે. ૨૦૨૨માં પહેલીવાર રાંધણ ગેસ-સિલિન્ડર રૂ. ૧૦૦૦ને પાર થઈ ગયો

નવીદિલ્હી,તા.૨

દેશમાં બેરોજગારીનો દર ડિસેમ્બર ૨૦૨૨માં વધીને ૮.૩૦% પર પહોંચી ગયો. આ ૧૬ મહિનામાં સૌથી વધુ છે. આની પહેલાં ઓગસ્ટ ૨૦૨૧માં બેરોજગારી દર ૮.૩૨% હતો. ડિસેમ્બર ૨૦૨૧માં તે ૭.૯૧% અને નવેમ્બરમાં ૮% હતો. બેરોજગારી દરમાં વધારાનું મુખ્ય કારણ શહેરી વિસ્તારોમાં બેરોજગારી વધવાનું છે.

ડિસેમ્બરમાં સહેરી વિસ્તારોમાં બેરોજગારી દર ૧૦.૦૯% પર પહોંચી ગયો છે. આ નવેમ્બરમાં ૮.૯૬% હતો. ત્યાં ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારી દર મામૂલી ઘટ્યો છે. તે ડિસેમ્બરમાં ૭.૪૪% રહ્યો, જે નવેમ્બરમાં ૭.૫૫% હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમીના એમડી મહેશ વ્યાસે કહ્યું કે બેરોજગારી દરમાં વૃદ્ધિ એટલી ખરાબ નથી, જેટલી આગળ જોઇ શકાશે. ગયા મહિને શ્રમ ભાગીદારીના દરમાં વૃદ્ધિ જોવા મળી છે. તે ડિસેમ્બરમાં વધીને ૪૦.૪૮% પર પહોંચી ગઇ, જે ૧૨ મહિનામાં સૌથી વધુ છે.

સૌથી મહત્ત્વપૂર્ણ એ છે કે ડિસેમ્બરમાં રોજગાર દર વધીને ૩૭.૧% થઇ ગયો, જે જાન્યુઆરી ૨૦૨૨ પછી સૌથી અધિક છે. આગામી મહિનાઓમાં મોંઘવારી રોકવી અને લાખો યુવાઓ માટે રોજગારના અવસર ઊભા કરવા સરકાર માટે સૌથી મોટી ચેલેન્જ છે. એનએસઓ દ્વારા નવેમ્બરમાં આંકડા અનુસાર જુલાઇ-સપ્ટેમ્બરમાં બેરોજગારીનો દર ઘટીને ૭.૨% રહી ગયો હતો. આ એનાથી પાછલા એપ્રિલ-જૂન ત્રિમાસિકમાં ૭.૬%ના સ્તર પર હતો.

ડિસેમ્બરમાં બેરોજગારી દર ૭.૬% રહેવાનો મતલબ એ છે કે કામ કરવા તૈયાર દર ૧૦૦૦ વર્કરમાંથી ૭૬ને કામ નથી મળી શક્યું. ઝઈંઈ દર મહિને ૧૫થી વધુ ઉંમરના લોકોનાં ઘરે-ઘરે જઇને સર્વે કરે છે અને તેમની પાસેથી રોજગારની સ્થિતિની જાણકારી લે છે. ત્યાર બાદ જે પરિણામ મળે છે તેનાથી રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

સીએમઆઇ અનુસાર ભારતીય અર્થવ્યવસ્થાની તંદુરસ્તીને બેરોજગારીને સાચી રીતે દર્શાવે છે, કારણ કે આ દેશની કુલ જનસંખ્યામાં કેટલા બેરોજગાર છે, તેને બતાવે છે. થિંક ટેન્કને આશા છે કે રવી ફસલની વાવણીની શરૂઆતમાં તેજી જોવા મળી શકે છે. આનો મતલબ છે કે ચાલુ નાણાકીય વર્ષમાં એગ્રી સેક્ટર એક વાર ફરી શાનદાર પ્રદર્શન કરશે. આનાથી પ્રવાસી મજૂર ખેતરોમાં પાછા આવશે.દરમિયાન આ વર્ષે મોંઘવારીએ લોકોને ખૂબ જ પરેશાન કર્યા છે. ૨૦૨૨માં પહેલીવાર રાંધણ ગેસ-સિલિન્ડર રૂ. ૧૦૦૦ને પાર થઈ ગયો. જ્યારે આ વર્ષે લોટ પણ ૨૬ રૂપિયાથી વધીને ૩૨ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. એવી જ રીતે આ વર્ષે ઘરમાં તેલ, દૂધ અને ચોખા જેવી રોજિંદી ઉપયોગની વસ્તુઓના ભાવમાં પણ ધરખમ વધારો થયો છે. અહીં અમે તમને જણાવી રહ્યા છીએ કે વર્ષ ૨૦૨૨માં રોજિંદા ઉપયોગની વસ્તુઓની કિંમતો કેટલી ઘટી કે વધી છે. મોંઘવારી કેવી રીતે વધે છે અને ઘટે છે અને રિઝર્વ બેંક એને કેવી રીતે કંટ્રોલ કરે છે? મોંઘવારી વધવાનો સીધો અર્થ એ છે કે તમારા કમાયેલા પૈસાનું મૂલ્ય ઘટશે. ઉદાહરણ તરીકે, જો મોંઘવારીનો દર ૭% છે, તો તમે જે ૧૦૦ રૂપિયા કમાવો છો તેની કિંમત ૯૩ રૂપિયા હશે.

અર્થતંત્રમાં કિંમતો અથવા મોંઘવારી વધારી શકે તેવા ઘણા પરિબળો છે. સામાન્ય રીતે, ઉત્પાદન ખર્ચમાં વધારો, ઉત્પાદનો અને સેવાઓની માંગમાં વધારો અથવા સપ્લાયમાં કમીના કારણે થાય છે.મોંઘવારી વધવાના ૬ મુખ્ય કારણો જોઇએ તો ડિમાન્ડ પુલ ફુગાવો ત્યારે થાય છે જ્યારે અમુક ઉત્પાદનો અને સેવાઓની માંગ અચાનક ઝડપથી વધે છે.,જ્યારે સામગ્રી ખર્ચ વધે છે ત્યારે મટીરીયલ કોસ્ટ વધે થાય છે. તેને ગ્રાહકો પર નાંખવામાં આવે છે.,જો નાણાનો પુરવઠો ઉત્પાદનના દર કરતાં વધુ ઝડપથી વધે છે, તો તે મોંઘવારીમાં પરિણમી શકે છે.,કેટલાક અર્થશાસ્ત્રીઓ પણ પગારમાં તીવ્ર વધારાને મોંઘવારીનું કારણ માને છે. તેનાથી ઉત્પાદન ખર્ચ વધે છે.,સરકારી નીતિથી પણ કોસ્ટ ખર્ચ અથવા માંગમાં વધારાથી ફુગાવો થઈ શકે છે. તેથી જ યોગ્ય નીતિ જરૂરી છે.,ઘણા દેશો આયાત પર વધુ નિર્ભર છે, જ્યાં ડોલર સામે ચલણ નબળું પડવાથી ફુગાવો થાય છે.

જો ભારતમાં મોંઘવારીના કારણોની વાત કરીએ તો ડોલરની સરખામણીમાં રૂપિયો નબળો પડી ગયો છે અને ૮૦ના સ્તરને પાર પહોંચી ગયો છે. ડૉલર મોંઘો થવાને કારણે ભારતની આયાત મોંઘી થઈ જાય છે અને તેના કારણે સ્થાનિક બજારમાં પણ વસ્તુઓની કિંમતો વધી જાય છે. જ્યારે, કોવિડ પછી સપ્લાય ચેન હજી સંપૂર્ણપણે પાટા પર આવી નથી, જેના કારણે મોંઘવારી વધી છે. આ સિવાય રશિયા-યુક્રેન યુદ્ધના કારણે કાચા તેલ અને ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો થયો છે.

CYMK

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS N0 : 127
પ્રકાર : પદ્ય
વિષય - સ્નેહમિલન મારે પણ માણવું હતું
સપના ને કહેજો કે
ફરી એક વાર આવે..
નીંદરડી માંથી મને હવે કોઈ ન જગાડે,
સ્નેહમિલન તો જોયું
છાનું માનું બંધ આંખે..
પણ હવે કોઈ મને ખુલ્લી આંખે બતાવે
નીંદરડી માંથી મને હવે કોઈ ન જગાડે,
હસતાતા સૌ કોઇ એક બીજાની સાથે
વ્હાલ ભરી ગમ્મત પણ કરતાતા
સિવાય મારે સૌ કોઇ જેમ
ભાન ભુલી બચપન માં જીવતાતા
બચપન તો જોયું સૌનુ
છાનું માનું બંધ આંખે
પણ હવે મને કોઇ ખુલ્લી આંખે બતાવે..
નીંદરડી માંથી મને હવે કોઇ ન જગાડે
માન થી સન્માન મડે
સન્માન થી સુખ ની પળ
મારે પણ જોઇયે છે કેમેય કરીને
સ્નેહ થી મળી ને આ હુંફ ની પળ
સપના ને કહેજો કે
ફરી એક વાર આવે..
નીંદરડી માંથી મને હવે કોઈ ન જગાડે,
અલ્પા મહેતા.રાજકોટ

--------------------------------------------------

: NOG. SS. No 0098
પ્રકાર:- ગદ્ય
વિષય:- પ્રથમ સ્નેહ મિલન નો યાદગાર દિવસ
શીર્ષક:- આનંદ ની અનુભૂતિ.

મિત્રો, અંગ્રેજી કેલેન્ડર દ્વારા નવ વર્ષની આપ સૌને હાર્દિક શુભકામના.

સાહિત્ય સરિતા ગ્રુપ દ્વારા પ્રથમ સ્નેહ મિલન નું કાર્યક્રમ ૨૪ /૧૨/ ૨૦૨૨ ના રોજ અંધજન મંડળ અમદાવાદ ખાતે યોજાયો હતો. હું પણ જવાની હતી. અને મિત્રો કંઈ જવું હોય તો મારા તન મન સ્ફૂર્તિ થી ભરાઈ જાય છે. અને ભરાય પણ કેમ નહીં? કેમ કે બે વર્ષથી હું આ ગ્રુપમાં જોડાયેલી છું આમ તો બધાને જાણું છું પણ પ્રત્યક્ષ રૂપે અને બધાથી મળવાનું એક અનેરૂ્ મનમાં ઉત્સાહ હતો ગ્રુપમાં એક થી એક ચડિયાતા રચનાકારો, સાહિત્યકારો એવોર્ડ થી સન્માનિત થયેલા સન્માનનીય ગણ છે . એમના સાનિધ્યમાં રહીને રચનાઓ લખવા નો મારો નિરંતર પ્રયાસ જારી છે.ગર્વ અનુભવું છું. હું ઘણું બધું શીખવી રહી છું . બધા ને પ્રત્યક્ષ રૂપથી મને મળવાની મારી ઈચ્છા અધૂરી રહી ગઈ. ઘરે મહેમાન આવી ગયા હતા.મારુ મન મૂંઝાઈ ગયો.મન ની સ્થિતિ હસુ કે રડું? એવી થઈ ગઈ હતી. નાના બાળકોની જેમ મન તો મારું તો કાર્યક્રમમાં જ હતું. મહેમાન નું પણ ધ્યાન રાખતી અને થોડી થોડી વારમાં મોબાઈલ માં મેસેજ જોયા કરતી.

કાર્યક્રમ ના ફોટા અને થોડી જ વારમાં લાઈવ ટેલિકાસ્ટ ના માધ્યમ થી કાર્યક્રમ જોઈને હાશ ... અનુભવ્યું. મુંઝાય ગયેલા મન આનંદિત થઈ ગયો.

કામ કરતી જાઉં ને લાઈવ ટેલિકાસ્ટ માં કમેન્ટ પાસ કરતી જાઉં. ગ્રુપમાં થી જય શ્રી બેન , માયાબેન, વિભૂતિ બેન અને મારી મોટી બહેનો ને મંચ પર અભિનય જોયું ને સાંભળ્યું.ગુરુપ થી બહાર ના અન્ય અતિથી , કવિ શ્રી કૃષ્ણ દવે જી ને સાંભળી એમની બોલવા ની શૈલી થી બહુ જ પ્રભાવિત થઈ . નિખિલ ભાઈ કિનારી વાળા નું ગીત સંગીત નું કાર્યક્રમ જોવાનું રહી ગયું. ભાઈ થી ફોન પર વાત કરી ને મેં પણ મારું નામ નોંધાયુ હતું.પ્રત્યક્ષ રૂપે થી તો નહીં પરોક્ષપણે હું કાર્યક્રમ નો આનંદ માણી રહી હતી.

બીજા દિવસે હું અમદાવાદ માં હતી.પ્રદીપજી અને મીનાક્ષી બેન થી મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. કાર્યક્રમ ની યાદો તાજી થઈ અને એમના હસ્તે સર્ટિફિકેટ લેતા ધન્યતા અનુભવી. યાદગાર સ્મૃતિ આપ સૌ ની સમક્ષ રાખું છું. ખરેખર સૌ સભ્યો એ મળી ને સાહિત્ય સરિતા ગ્રુપ નું પ્રથમ 'સ્નેહ મિલન' કાર્યક્રમ ને યાદગાર બનાવી દીધો.

લીના શર્મા
હાલોલ.

--------------------------------------------------

NOG SS No.19
વિષય..સાહિત્ય સરિતાનું યાદગાર સ્નેહમિલન
વિભાગ.. ગદ્ય
શીર્ષક... સ્નેહથી મળીએ

ઘણાં સમયથી સાહિત્ય સરિતાનું સ્નેહમિલન યોજાવા અંગે ગૃપમાં ખૂબ વાતો થતી.સૌ સાથે મળીશું એવી ઉત્કંઠા પણ હતી.શ્રી પ્રદીપભાઈ રાવલ અને મિનાક્ષીભાભી બંને સાલસ દંપતિ આ માટે અથાગ પરિશ્રમ પણ કરતાં હતાં. આ માટેની કમિટી પણ ખૂબ બારિકાઈથી આયોજન કરી રહી હતી.મુ.શ્રી જયશ્રીબેન પટેલ ×દાદીશા× સૌને અલગ અલગ જવાબદારી સોંપી, પોતે દરેકનાં સંપર્કમાં રહેતાં હતાં. આખરે ૨૪ મી ડિસેમ્બર, નિર્ધારિત સમય અને સ્થળ પર સૌ પહોંચી ગયાં. બધાંને પ્રથમ વખત મળવાનું બનતું હતું, છતાં સૌ એકબીજાને કાલ્પનિક છબી દ્વારા તરતજ ઓળખી ગયાં.

અંધજન મંડળના વિશાળ હોલમાં સૌ એકબીજાને દિલથી મળ્યાં. સુંદર નાસ્તા બાદ કાર્યક્રમની શ્વેતાબેન તલાટી દ્વારા પ્રાર્થનાથી શરૂઆત થઈ. હૃદયસ્થ કવિ શ્રી કૃષ્ણ દવે મોંઘેરા મહેમાન ન બનતાં આત્મીય બની રહ્યાં. એમની રચનાઓ ખૂબ ગમતી,એ રચનાઓ નો આસ્વાદ એમની સરળતાની જેમ જ હૃદયમાં વસી ગયો. બાળવિશ્વને એમણે ભાવવિશ્વ બનાવી સૌને બાળક બનાવી દીધાં. શ્રી પ્રદીપભાઈએ સૌનું દિલથી સ્વાગત કર્યું. ત્યારબાદ સૌની ગદ્ય રચનાઓ, પદ્ય રચનાઓનું પઠન થયું. જીજ્ઞાબેનને એકોક્તિ 'રાવણ' ના પાત્રમાં જોવાનો અદભૂત લ્હાવો હતો, તો વિભૂતિ બેન પણ કંઈ કમ ન હતાં. વચ્ચે સુંદર જમણવાર આરોગી, પરત જોડાયાં. શ્રી જયશ્રીબેન પટેલ દાદીશા સુંદર સંચાલન સાથે શ્વેતા તલાટી,રેખા શાહ,મનિષા વ્યાસ,રાગીણીબહેન શુકલ,ભરતભાઈ, જયકાંતભાઈ, દિપીકા બેન,તથા અન્ય કવિઓ..લેખકોની ઓળખ કરાવી પઠન કરાવતાં હતાં. ખરેખર અગાઉ તૈયારી કરી લાવી એ એમની આગવી સૂઝબૂઝ સાથે સંચાલન કરતાં હતાં.

અનિવાર્ય સંજોગોમાં જલ્દી નીકળી જવાનું હતું. નિખીલભાઇનો કરાઓકે કાર્યક્રમ ન માણી શકાયો. બપોર પછીનાં મહાનુભાવોને પણ ન મળી શકાયું.

સુંદર સર્ટિફિકેટ અને અતિ સુંદર ભેટ સાથે સૌને સ્નેહથી મળાયું.ઘણાં મિત્રો બન્યાં, સાથે મેઘના નામની એક દીકરી પણ મળી.એણે મને ખૂબ મદદ કરાવી.સૌને કાઠિયાવાડી મરચાં આપી એક યાદ આપી મેં ભારે હૈયે વિદાય લીધી.

કૃષ્ણ દવેની જેમ કહેવું હોય તો..
સ્નેહથી મળીએ,
હૃદયમાં રહીએ,
થોડું હસીએ,
મબલખ લઈએ,.. એ આવજો
આ સુંદર સ્નેહમિલન એક પરિવાર મિલન બની ગયું.
કલ્પનાબેન ત્રિવેદી, સુરેન્દ્રનગર

--------------------------------------------------

શિર્ષક :ના આવી શક્યો /બાબુ સંગાડા×મહેક×
પ્રકાર :-પધ
NOG SS No : 109
મારી વ્યસ્તતા મને નડી એટલે ના આવી શકયો,
વસવસો રે'શે ચડી એટલે કઈ ના બોલી શકયો.
દરવાજા બધા યે ખુલ્લા રાખ્યાતા મારા માટે,
કારણો તેજાબી હતા એટલે ના આવી શક્યો.
એકલતા વચ્ચે વંટોળ ઉદ્દભવશે મને ખબર છે,
તોફાન સહવા રહ્યા ખાટલે ના આવી શક્યો.

ખુદાની ઈચ્છા હશે તો અવસરો બનતા રહે છે,
લાવશે આપણા સુધી પાટલે ના આવી શક્યો.
સબંધો પૂરવજન્મે બંધાઈ અવતરતા હોય ×મહેક×,
વિશ્વાસ છે મને હ્દયે એટલે ના થૈ ખાલી શક્યો.

--------------------------------------------------

NOG SS NO 126
નામ : મોહનભાઈ આનંદ
પ્રકાર : પદ્ય અછાંદસ
વિષય: સ્નેહ મિલન.
સ્નેહ મિલન , સરવાણી ફૂટી,
હૈયું હિલોળે ચડ્યું પ્રાણ ફુંકી
અંધજન મંડળ આંગણ સોહાય
સૌનાં હ્દય પ્રેમ મિલને હરખાય.
જ્યોત પ્રજ્વલિત કૃષ્ણજી કરે,
પ્રદીપ્ત હેત હૈયું પ્રદીપ ભાઈ ભરે.
ગુણધર્મ ચપળતા ધર્યો મીનાક્ષીજી,
આવકારી મિત્રમંડળ થયા રાજી.
મન મનોરથો પૂર્ણ કરવાને સજ્જ,
સૌ એ સંભાળ્યો ભાવ ઊર્મિ ગજ.
ગદ્ય પદ્ય ગાયન સંગીત અને કળા,
રાવણ માયા માણી થઈ બેબાકળા.
પુત્ર વિયોગે માં નાં નિસાસા જોયાં,
ભલભલા ધુરંધરો હૈયા છે રોયા.
ખાધુ પીધું મોજ માણતી ઉજાણી,
વિદાય વેળા ડૂમો ભરાઈ એ વાણી.
આનંદ અદકેરો પામ્યા હળવા હૈયે,
ચૈતન્ય ભર્યા સ્નેહ મિલન સહુએ.
મોહનભાઈ આનંદ

## INDIA: An idea of democracy - beyond 2024

India is a great nation with historical and cultural diversity that has shaped its values and ethics. It cannot be diluted to satisfy a political ideology based on race or religious supremacy over others. Without embracing diversity, the internal community cohesion will become unbalanced, tearing the fabric that holds the society and country together and will be reduced to a world of hate and violence.

Eventually, domination by one race or faith will result in absolute power that would give a platform to unimagined exploitation, corruption and base of power; a best will become alive that wants its greed for power satisfied at any cost. The nation then will not belong to the people but a handful of race or faith supremacists.

A period between 1920 till 1945 in Germany saw the consequences of such a vision of race supremacy. In 1933 Führer Adolph Hitler assumed absolute power using 'Enabling Act', bypassing the need to consult or seek approval from Germany's Parliament – Bundestag, "Federal Assembly". It meant that all the judiciary and people in the medical, teaching other professions must be members of the Nazi Party that hated the Jewish community. The ruling Nazi party started using secret police to kill, harass and arrest anyone who opposed the Führer Adolph Hitler. Writers, artists and filmmakers needed prior approval from the ruling Nazi Party system to do anything. Germany had one radio station that focused on nothing but promoted views of thoughts and speeches of Führer Adolph Hitler.

Making the Aryan Race, a supreme race became a surrogate to the modern ideology of making 'Hindutvadadi' a central political driving vision to unseat Mahatma Gandhi's movement of 'satyagraha' that was growing day by day since the 1920s. Both Savarkar and Golwalkar were prideful of the ideology and methods of Führer Adolph Hitler and saw it as an ideal message for the new India of their vision. It is why Rahul Gandhi is saying, ' It is a battle of ideology'; Secular democracy V Communal single-faith supremacy in the name of Hindutva. Hindutva ideology is neither driven by the edicts of 'Ram Rajya' nor Ashoka's Raj Dharam. In this, the 'truth and humanity' that binds the people with love and compassion with respect are missing altogether. A vision blinded by expectations of extreme and supreme power defied the very India of Bharat or a united India. Rahul is trying to ignite a debate on the dangers of 'going back to the future' for India.It is founded based on the democratic values driven through the elected parliament, which is sustained with the core principles of an open and transparent system that holds the Executive of the Country to account for their policies as conduct. For a nation to be effective in planning and implementing policies and laws, it is paramount that all state agencies and institutions operate in a model that serves the parameters of legal guidelines.If it diverts from the edicts of such expectations, a generation of government will abuse the system to serve its purpose!

Let us begin the New Year with new hopes and expatiations that we see positive changes in the economic conditions to benefit the nation's people.

May I wish you a Happy New Year.
Buddhdev Pandya MBE
Buddhdev Pandya MBE
Mobile: 0777 629 1298
buddhdevp@googlemail.com

# મન્થલી માર્કેટ રિપોર્ટ

# ડિસેમ્બર મહિનામાં સોનાના વાયદામાં રૂ.૨,૦૮૬ અને ચાંદીમાં રૂ.૫,૯૫૨નો ઉછાળો

કપાસનો વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૪૧ અને રૂનો વાયદો ગાંસડીદીઠ રૂ.૨,૯૯૦ ગબડ્યો: ક્રૂડ તેલમાં પણ નરમાઈનો માહોલ: મેન્થા તેલના વાયદામાં સુધારો: મહિના દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૪,૭૫,૭૧૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૯,૫૦,૧૫૯ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૧,૬૧૬ કરોડનાં કામકાજ




મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧થી ૩૦ ડિસેમ્બરના મહિના દરમિયાન ૧,૮૨,૮૩,૩૦૮ સોદાઓમાં કુલ રૂ.૧૪,૨૭,૪૮૭.૫૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૪,૭૫,૭૧૨.૮૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૯,૫૦,૧૫૮.૭૭ કરોડનો હતો. સમીક્ષા હેઠળના મહિના દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૫,૧૫,૧૭૦ સોદાઓમાં કુલ રૂ.૨,૩૦,૦૩૨.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ મહિનાના પ્રારંભે રૂ.૫૩,૦૪૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૫,૩૬૫ અને નીચામાં રૂ.૫૩,૦૪૦ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૨,૦૮૬ વધી રૂ.૫૫,૦૧૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૩૯૬ વધી રૂ.૪૩,૮૨૦ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૬૧ વધી રૂ.૫,૪૮૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૮૬૦ના ભાવે ખૂલી, રૂ.૨,૧૦૭ વધી રૂ.૫૪,૭૭૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ મહિનાના પ્રારંભે રૂ.૬૪,૩૮૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૦,૩૩૫ અને નીચામાં રૂ.૬૪,૩૧૧ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૫૯૫૨ વધી રૂ.૬૯,૪૧૩ના સ્તરેના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૮૦૦ વધી રૂ.૬૯,૩૬૨ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫,૭૬૪ વધી રૂ.૬૯,૩૫૨ના સ્તરે બંધ થયો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં મહિના દરમિયાન એમસીએક્સ ખાતે ૪,૫૨,૮૪૧ સોદાઓમાં રૂ.૭૨,૮૧૩.૮૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૬૫ વધી રૂ.૨૧૬.૦૫ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૨.૩૦ ઘટી રૂ.૨૬૮ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૭.૯૫ વધી રૂ.૭૨૨.૭૫ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭ વધી રૂ.૧૯૨ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર મહિના દરમિયાન ૨૪,૪૪,૦૬૨ સોદાઓમાં કુલ રૂ.૧,૭૧,૭૪૪.૪૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો મહિનાના પ્રારંભે રૂ.૬,૫૭૯ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૯૩ અને નીચામાં રૂ.૫,૯૦૧ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૪૧ ઘટી રૂ.૬,૫૫૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૩.૬૦ ઘટી રૂ.૩૭૭.૮૦ના સ્તરે બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં મહિના દરમિયાન એમસીએક્સ ખાતે ૧૪,૧૮૪ સોદાઓમાં રૂ.૧,૧૨૧.૯૫ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૬૪૯ના સ્તરે બંધ થયો હતો. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૮૬૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૨,૫૭૦ અને નીચામાં રૂ.૨૬,૨૧૦ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૨,૯૯૦ ઘટી રૂ.૨૮,૬૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૪.૭૦ વધી રૂ.૧૦૦૭.૧૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ મહિના દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૭૫,૮૬૩.૮૯ કરોડનાં ૧,૩૯,૬૦૫.૧૬૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૫૪,૧૬૮.૭૬ કરોડનાં ૨૨,૭૦૭.૭૬૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૬૭,૧૪૮.૦૮ કરોડનાં ૧૦,૬૧,૧૭,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૦૪,૫૯૬ કરોડનાં ૨,૧૬,૯૮,૫૫,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૮૭૯.૯૨ કરોડનાં ૨,૮૪,૯૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૪૧.૭૩ કરોડનાં ૨,૪૧૮.૮૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ મહિનાના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૫૩૫.૬૧૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૫૭.૯૬૭ ટન, ક્રૂડ તેલમાં ૬,૧૩,૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩,૮૪,૬૭,૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૬,૦૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૨.૭૬ ટનના સ્તરે રહ્યો હતો.

## અંધજન મંડળ વસ્ત્રાપુર ખાતે. અંધ વિધાથીઓ ને અભ્યાસ મા ઉપયોગી પેનડ્રાઇવ અને રાશનકીટ નુ વિતરણ




સાથીના હાથ બઢાના ફાઉન્ડેશન અને લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ વાઈબ્રન્ટ તરફ થી તારીખ ૧/૧/૨૩ રવિવાર ના રોજ અંધ માનવ મંડળ એસોસિએશન મા બ્લાઈન્ડ ફિઝિયોથેરાપી સ્કૂલ અને જેએમએમટી વિભાગ ના કુલ ૬૫ અંધ વિદ્યાર્થીઓ ને અભ્યાસમાં મદદરૂપ થાય તેવી ૬૪ જીબી ની પેનડ્રાઇવ અને રાશન કીટ નુ વિતરણ કરવામા આવેલ. આ કાર્યક્રમ મા બંને સંસ્થાઓ તરફથી મહાનુભાવો ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમ નુ સંચાલન શાળા ના સંયોજક શ્રી ડો. બી.કે. પંચાલ અને બંને સંસ્થા તરફથી મીરા શાહ દ્વારા કરવામા આવેલ.

## જીપેરી-જીટીયુ માં ૭ મીએ એલુમ્ની મીટ નું આયોજન

જીપેરી ના આંગણે વર્ષ ૨૦૨૩ નો પ્રારંભકાળ નવીનતમ ઉર્જા લઈને આવશે કે જયારે કોલેજના સ્થાપનાકાળથી કુલ ૧૧ વર્ષોમાં ઉતીર્ણ થયેલ ૩૦૦ થી પણ વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ફરી કોલેજ કેમ્પસના અણુએ અણુને પોતાની ઉર્જાથી ભરી દેશે.

તારીખ ૦૭ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ મિકેનિકલ, કમ્પ્યુટર, સિવિલ અને ઈલેક્ટ્રિકલ એન્જીનિયરીંગ વિભાગના એલુમ્ની મીટ નું આયોજન કોલેજ કેમ્પસ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓ માટે ગરબા, ફન ગેમ તેમજ વિવિધ મનોરંજક પ્રવૃતિઓ સાથે જમણવારનું આયોજન કરેલ છે. જીપેરીના વિદ્યાર્થીઓ ગુજરાતમાં જ નહીં પરંતુ અન્ય રાજયો અને વિદેશોમાં પણ સારી સારી કંપનીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઊંચ હોદ્દાઓ ઉપર નોકરી કરી કોલેજનું નામ રોશન કરી રહ્યા છે.

કોલેજ દ્વારા આ તમામને આમંત્રિત કરી તેમનું સન્માન કરવામાં આવશે. સંજોગોવશાત જો કોઈ વિદ્યાર્થી આ મીટમાં હાજરી આપી શકે તેમ ન હોય તો એમના માટે ઓનલાઈન વીડિયો કોન્ફરન્સિંગ / કોમ્યુનિકેશન પ્લેટફોર્મનો ઉપયોગ કરીને હાજર રહેવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩ ની એલુમ્ની મીટ અગાઉના વર્ષોમાં થયેલ એલુમ્ની મીટ કરતાં પણ વધુ અસરદાર અને સફળ બનાવવા કન્વીનર પ્રો. સદાનંદ સાહુ; કો-કન્વીનર પ્રો. પિયુષ મિયાણી અને તેમની ટિમ દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે.

આ સંદર્ભે મુખ્ય પેટ્રન તરીકે જીટીયુ માંથી વાઇસ ચાન્સેલર શ્રી પ્રો (ડો.) પંકજરાય પટેલ અને પેટ્રન તરીકે રજીસ્ટ્રાર શ્રી ડો. કે. એન. ખેર સાહેબ શ્રી ને પ્રિન્સિપાલ ડો. ચિરાગ વિભાકર દ્વારા ખાસ આમંત્રિત કરાયા છે.

## રાજકોટ ગ્રામ્ય પોલીસે ૫૨૦ લીટર દેશી, ૫૧૩ બોટલ વિદેશી દારૂ પકડ્યો, ૭૪ શખ્સ ઝબ્બે

રાજકોટ, તા.૨

રાજકોટ ગ્રામ્ય પોલીસે થર્ટી ફર્સ્ટ અને નવા વર્ષેની ઉજવણી સાથે અનેકને કાયદાનું ભાન કરાવ્યું હતું. પોલીસે ૫૨૦ લીટર દેશી દારૂ, ૫૧૩ બોટલ વિદેશી દારૂ પકડી પાડ્યો હતો. ઈંગ્લીશ દારૂના ૧૨ કેસમાં ૧૪ આરોપી ઝડપાયા હતા. ફાર્મ હાઉસો, હોટલો, ગેસ્ટ હાઉસો અને ખાનગીમાં ચાલતી મહેફિલો ઉપર પણ પોલીસની વોચ રહી હતી. સ્થાનિક પોલીસ ઉપરાંત ક્રાઈમ બ્રાંચ, એસઓજી, પેરોલ ફર્લો, એએચટીયુ, ટ્રાફિક શાખા વગેરેનો સ્ટાફ કામગીરીમાં જોડાયો હતો અને બ્રેથ એનાલાઈઝર દ્વારા શંકાસ્પદ શખ્સોને તપાસવામાં આવ્યા હતા. આ દરમિયાન ઉજવણીના માહોલમાં છાંટકા બની ફરતા ૭૪ નશાખોર શખ્સોને પોલીસે દબોચી લીધા હતા. રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા જણાવ્યા મુજબ રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવની સુચના અને માર્ગદર્શન આધારે રાજકોટ એસ.પી. જયપાલસિંહ રાઠોડ દ્વારા થર્ટી ફર્સ્ટ અને ન્યૂ યરની ઉજવણી દરમ્યાન કેટલાક શખ્સો ફાર્મ હાઉસમાં, હોટેલો, ગેસ્ટહાઉસમાં દેશી, વિદેશીદારૂની મહેફીલો કરતાં હોય છે જેના કારણે કાયદો અને વ્યવસ્થા ખોરવાય તેવા બનાવો બનતા હોય છે. જેથી રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ તેમજ લોકલ ક્રાઈમ બ્રાંચ તથા એસ.ઓ.જી. પેરોલ ફર્લો તથા એ.એચ.ટી.યુ. તેમજ ટ્રાફીક શાખાના મહતમ સ્ટાફ દ્વારા કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે અલગ-અલગ ટીમો બનાવી ચેકીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં દેશી દારૂના કબ્જાના તથા કેફી પ્રવાહી પીધેલ તેમજ એમ.વી.એક્ટ ૧૮૫ મુજબના કુલ ૭૪ કેસો શોધી કાઢી જેમાં તમામ આરોપી વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. જેઓ પાસેથી ૫૨૦ લીટર દેશી દારૂ મળી કુલ રૂ.૧૦૪૦૦ નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. તેમજ વિદેશી દારૂના ૧૨ કેસો શોધી કાઢી જેમાં વિદેશી દારૂના ગણનાપાત્ર બે કેસો શોધી કાઢી ૧૪ આરોપી પકડી પાડી જેઓ પાસેથી વિદેશી દારૂની ૫૧૩ બોટલો જેની કિંમત રૂ.૧૯૧૦૫૦ મળી કુલ રૂ.૧૨૪૭૩૮૦ નો મુદામાલ પકડી પાડવામાં આવ્યો હતો.

## સુરતના વ્યારામાં ટેમ્પો પલટી જતા ૨ બાળકોના મોત

તાપી,તા.૨

તાપીના વ્યારાના ચિખલી ગામની સીમમાં ટેમ્પો પલટી જતા ૨ બાળકોના મોત થયા છે. માહિતી મુજબ માંડવીના આંબાપારડી ગામેથી સોનગઢના દેવલીમાડી મંદિરે શ્રધ્ધાળુઓ જતા હતા, તે દરમિયાન અકસ્માત નડ્યો હતો. ટેમ્પામાં કુલ ૧૫થી વધુ શ્રદ્ધાળુ સવાર હતા. આ અકસ્માતને પગલે અનેક લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. જેને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થ ખસેડવામાં આવ્યા છે. ગઈકાલે નવસારીના વેસ્મા ગામ નજીક ગમખ્વાર અકસ્માતમાં ૯ લોકોના કરુણ મોત થયા હતા. જ્યારે ૧૬થી વધુ લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે ખસેડાયા છે. વેસ્મા ગામ નજીક નેશનલ હાઈવે ૪૮ પર ખાનગી બસ અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

# રાજકોટ-વડોદરામાં 'જૈના' ક્રોશ: રેલીમાં એક માસના બાળક સાથે દંપતી જોડાયું

### જૈન અગ્રણીએ રસ્તા પર આળોટીને શેત્રુંજય મહાતીર્થને બચાવવા માગ કરી

રાજકોટ,તા.૨

રાજ્યના જૈનબંધુઓમાં રોષ ભભૂકી ઊઠ્યો છે. આજે રાજકોટ અને વડોદરામાં શેત્રુંજય મહાતીર્થને બચાવવા માટે જૈન સમાજની મહારેલીનું યોજાઈ હતી. એમાં મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો જોડાયા હતા અને મંદિરમાં તોડફોડ મુદ્દે રેલીમાં રોષ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત પાલિતાણામાં પર્વત પર ગેરકાયદે ખનન અટકાવવાની માગ સાથે કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરશે.

રાજકોટમાં આજે શહેરના મણિયાર દેરાસર ખાતેથી જૈન સમાજની એક રેલી નીકળી હતી. આ રેલી દરમિયાન એક માસના બાળક સાથે દંપતી જોડાયું હતું, જ્યારે એક જૈન અગ્રણીએ રસ્તા પર આળોટીને શેત્રુંજય મહાતીર્થને બચાવવાનો પોકાર કર્યો હતો અને મણિયાર દેરાસરથી લઈને કલેક્ટર કચેરી સુધી રેલી યોજીને કલેક્ટરને આવેદનપત્ર પણ પાઠવવામાં આવ્યો હતો.

રાજકોટ-વડોદરામાં યોજાયેલી રેલીમાં લોકો પોતાની માગણીઓને બેનરમાં લખીને મંત્રોચ્ચાર તથા સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. સમાજનાં નાનાં બાળકો અને મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી, જેમાં વિવિધ શ્લોકના સૂત્રોચ્ચાર કર્યા હતા અને લોકોને પોતાનો અવાજ દેશભરમાં પહોંચાડી રેલીમાં જોડાવવા આહવાન કર્યું હતું.

આ અંગે જૈન અગ્રણી વંદિત વોરાએ જણાવ્યું હતું કે ગિરિરાજ પર લોકોએ દબાણ કર્યું છે, ત્યાં અધર્મી લોકોએ ખોટાં કામ શરૂ કરી દીધા છે. તો તે અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી કરવી જોઈએ. શેત્રુંજય પર કોઈ જ દબાણ ના થાય તથા ત્યાં કોઈ તોડફોડ ના થાય એ માટે અમે આજે રેલી યોજી છે. એ માટે તો આજે હું મારી પત્ની સાથે મારા એક માસના બાળકને લઈને રેલીમાં જોડાયો છું. અન્ય જૈન અગ્રણીએ મીડિયાને જણાવ્યું હતું કે સંમેત શિખરને જે પ્રમાણે પર્યટન સ્થળ બનાવવાનો સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. એને અનુલક્ષીને જૈન સમાજમાં ભારે વિરોધ છે. જો ધાર્મિક સ્થળને પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે તો એની પવિત્રતા જાળવી નહીં શકાય તેમજ રોહીશાળા સ્થિત ભગવાનના પ્રાચીન પગલાને પણ નુકસાન કરનારાં અસામાજિક તત્ત્વો સામે આજ દિવસ સુધી કોઈ કાર્યવાહી કરવામાં નથી આવી, એ અંગે તાત્કાલિક પગલાં ભરવામાં આવે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તળેટી વિસ્તારમાં બાબુના દેરાસર આસપાસ જમીન ઉપર થયેલાં દબાણો કરનારા વિરુદ્ધ પગલાં લેવામાં આવે. જૈન સમાજની આસ્થાના કેન્દ્ર સમાન તીર્થસ્થાનોની આસપાસના વિસ્તારોમાં સ્થાનિક અધિકારીઓની રહેતાં દારૂના અડ્ડા તેમજ નોનવેજનું વેચાણ થઈ રહ્યું છે, એ બાબતે તાત્કાલિક અસરથી પાબંધી લગાવવામાં આવે.

આ જ પ્રકારે જૈનોના અતિપવિત્ર ગણાતા શેત્રુંજય તીર્થ અને સંમેત શિખર પર છેલ્લા ઘણા સમયથી ગેરકાયદે અને તીર્થની પવિત્રતાને ખંડિત કરવા તથા તોડફોડ કરવામાં આવી રહી છે. એના વિરોધ માટે વડોદરા જૈન સમાજના શ્વેતામ્બર દિગંબર સ્થાનકવાસી તથા તેરાપંથી બધાએ ભેગા થઈને વિરાટ રેલી યોજી હતી. એમાં સવારે ૯:૩૦ વાગે માંડવી રોડ શેત્રુંજય તીર્થાવતાર પ્રાસાદ જિનાલયથી નીકળી અમદાવાદી પોળ ટાવર થઈ કલેક્ટર કચેરીએ પહોંચી હતી.

આ અંગે જૈન અગ્રણી દીપક શાહે જણાવ્યું હતું કે પવિત્ર ગિરિરાજની ભયાનક આશાતના અને પર્વતની સમગ્ર ઈકો સિસ્ટમને કાયમ માટે મોટું નુકસાન પહોંચાડનાર ગેરકાયદે માઈનિંગ, દારૂની ભઠ્ઠીઓ અને અડ્ડાઓ વગેરે ચાલી રહ્યા છે. જમીનમાફિયાઓ અને જૈનવિરોધી સ્થાપિત હિતો અહીં એકઠાં અને એક્ટિવ થઈ રહ્યાં છે. તેને મનાભાઈ ભોપાભાઈ રાઠોડ નામનો શખ્સ લોકોને ઉશ્કેરે છે. મનો તો પાલીતાણા ડોળી કામદાર યુનિયનની સ્થાપના ૨૦૦૧માં થઈ ત્યારથી લઈ આજસુધી એકધારા પ્રમુખપદ પકડી રાખનાર માથાભારે ઈસમ છે. મનાભાઈ અને તેના સાગરીતો મળી ફોરેસ્ટ લેન્ડ પર ગેરકાયદે કબજો કરવાની, જૈનો વિરુદ્ધ સ્થાનિકોને તથા સાધુસંતોને ગેરમાહિતી આપી ભરમાવી ભડકાવવાની, ડોળીવાળાઓને ઉશ્કેરણી કરવાની અને જૈનો વિશે ધિક્કાર ફેલાવવાની પ્રવૃત્તિઓ સતત કરતા રહ્યા છે. શેત્રુંજય તીર્થમાં આ તોડફોડ કરનાર તથા ગેરકાયદે ખનન કરનારને પકડી સરકાર તેમને પાસામાં ફિટ કરી અસામાજિક તત્ત્વોને કાબૂમાં લેવામાં આવે એવી માગણી છે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં નકલી ટિકિટનો પર્દાફાશ,

## ટિકિટ સાથે ચેડા કરનારાઓ સામે નોંધાઈ પોલીસ ફરિયાદ

કેવડિયા,તા.૨

નર્મદા જિલ્લાના કેવડિયામાં આવેલુ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વભરના પ્રવાસીઓની પહેલી પસંદ બની ચૂકયું છે. સામાન્ય દિવસોમાં પણ અહીં પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળે છે. ત્યારે ક્રિસમસના મીની વેકેશનના સમયગાળા દરમિયાન પણ અહીં પ્રવાસીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો. જો કે તાજેતરમાં જ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ફરી નકલી ટિકિટના કૌભાંડનો પર્દાફાશ થયો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ટિકિટ સાથે ચેડા કરનારા વ્યક્તિ સામે કેવડિયા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો છે. ૮ મુસાફરે ટિકિટ સાથે ચેડા કર્યા હોવાનું સામે આવ્યુ છે. ઘટનાની વાત કરીએ તો, ૩૦ ડિસેમ્બર પુણેના ૮ પ્રવાસીઓ એકતા નર્સરી સ્થિત ટ્રાયબલ કાફેટેરીયામાં ભોજન કરી રહ્યા હતા. તે સમયે જનસંપર્ક અધિકારી ત્યાં કામ માટે પહોંચ્યા હતા. તેમણે શંકાસ્પદ ટિકિટ જણાઈ આવી હતી. ટિકિટ જોતા તેમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની એડલ્ટ ૮ તથા ચાઈલ્ડ ૮ ટિકિટ અને એકતા નર્સરી ટ્રાયબલ કાફેટેરીયાની ૮ ટિકિટ બૂકિંગ થયેલી જણાઇ હતી. વાસ્તવમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની વેબસાઈટથી વધુમાં વધુ ૬ જ ટિકિટ જ બૂક થઇ શકે તેમ હોય છે. બાદમાં ટિકિટ સર્વરમાં તપાસ કરતા સ્ટેચ્યુ ઓફ યુનિટીની વેબસાઈટ પર માત્ર ૬ ટિકિટ જ બૂક કરાવી હોવાનુ સામે આવ્યુ હતુ. જેથી આ પ્રવાસીઓ પાસે રહેલી ૧૬ ટિકિટમાં ચેડા કરાયા હોવાનું સામે આવ્યું હતું.



**વર્ષ૨૦૨૨માં રાજ્યના ૧૨.૭૨ લાખ લોકોની સેવાનું માધ્યમબની "૧૦૮ એમ્બ્યુલન્સ સેવા" પ્રતિદિન ૩૪૮૫ અને પ્રતિક્લાક ૧૪૫ જેટલા દર્દીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઇમરજન્સી સ્વાસ્થ્ય સેવા પહોંચતી કરવામાં આવી.**

### ભાજપના યજ્ઞેશ દવે સહિતના નેતાઓની મનની મનમાં રહી ગઈ

## શક્તિપીઠ બહુચરાજી માતાજી દેવસ્થાન ટ્રસ્ટમાં રાજકારણ જોવા મળ્યું, વાત પીએમઓ સુધી પહોંચી

અમદાવાદ,તા.૨

ગુજરાતના રાજકારણમાં ચર્ચા જાગી છે કે એવું તો શું થયું કે ૪ મહિનામાં જ ભાજપના નેતાઓને બહારનો દરવાજો દેખાડી દેવાયો. અંબાજી અને સોમનાથ દેવસ્થાન પછી આર્થિક સ્તરે સૌથી સદ્ધર ગણાતા બહુચરાજી માતાજી દેવસ્થાન ટ્રસ્ટમાં ચાર મહિના પૂર્વે ભાજપના ૧૧ જેટલા પદાધિકારીઓ, આગેવાનોની ટ્રસ્ટી તરીકે નિમણૂક થઈ હતી. જેમાંથી બળવંતસિંહ રાજપૂત અને સુખાજી ઠાકોરે ઈલેકશન પહેલાં આ ટ્રસ્ટમાંથી રાજીનામા ધરી દીધા હતા. જેઓ હાલમાં ધારાસભ્ય છે. ચૂંટણી પહેલાં જ આ ૨ નેતાઓએ ટ્રસ્ટી પદેથી રાજીનામા આપી દીધા હતા.

બાકીના ૯ માં પૂર્વ સાંસદ જયશ્રીબહેન પટેલ, પ્રદેશ મીડિયા કન્વીનર ડો. યજ્ઞેશ દવેનો સમાવેશ થતો હતો. હજી તો આ ટ્રસ્ટીઓએ કારભાર સંભાળ્યો જ નહોતો ત્યાં ગત સપ્તાહે અચાનક તમામનાં રાજીનામાં લઈ લેવાયા છે. ત્યારે ભાજપમાં અંદરખાને ઊહાપોહ થયો છે. એવું કહેવાય છે કે આ ૧૦ નામોમાં પ્રથમ દિવસે જ એક રાજીનામું આવી ગયું હતું. છેક પીએમઓ સુધી આ મામલો પહોંચ્યો હતો. જેમાં ઉચ્ચકક્ષાએથી દબાણ હોવાથી આ મામલે કોઈ મગનું નામ મરી પાડી રહ્યું નથી.

કહેવાય છે કે પીએમઓના ધ્યાને કેટલીક ગંભીર બાબતો આવતા આ પવિત્ર દેવસ્થાનમાંથી સૌનાં રાજીનામાં લખાવી લેવાયાં છે. બહુચરાજી બહુચરાજી તાલુકાનું મુખ્ય મથક છે. અહીં આવેલું શ્રી બહુચરાજી માતાનું મંદિર ખૂબ જ પ્રખ્યાત છે. જ્યાં ચૈત્રી પૂનમનો બહુ મોટો મેળો ભરાય છે. અંબાજી બાદ ઉત્તર ગુજરાતમાં બીજા નંબરનું મોટુ દેવસ્થાન છે. આ મંદિરનો વહીવટ એ સરકાર હસ્તક હોવાથી કલેક્ટરની અહીં સીધી નજર હોય છે. ઉલ્લેખનીય છે કે, બહુચર માતાજીના મંદિરના વહીવટ અને સંચાલન માટે ત્રણ વર્ષ બાદ બહુચરાજી માતાજી દેવસ્થાન ટ્રસ્ટ વ્યવસ્થાપક સમિતિની નિમણૂંક કરાઇ હતી. મહેસાણા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને રચાયેલી ૧૧ સભ્યોની કમિટીમાં ૬ સરકારી અને ૧૧ બિનસરકારી સભ્યોનો સમાવેશ કરાયો હતો. જેમની મુદત ૪ વર્ષ રખાઈ હતી. નવા ટ્રસ્ટીમંડળમાં પૂર્વ સાંસદ જયશ્રીબેન પટેલ, સિદ્ધપુરના પૂર્વ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત, બહુચરાજીના કિરીટ દેવગઢ, રાકેશ સોની અને સુખાજી ઠાકોરનો સમાવેશ કરાયો હતો. જૂના ટ્રસ્ટી મંડળમાંથી માત્ર સંદીપ શેઠ રિપીટ થયા હતા. ત્યારે ચાર મહિનામાં એવી તો શુ ખીચડી રંધાઈ કે, ટ્રસ્ટમાંથી કેટલાક નેતાઓના રાજીનામા લેવાયા.

### ઐતિહાસિક જીત છતા પાટીલને અફસોસ રહી ગયો

## હું હોઉં કે ના હોઉં પણ ડેટા બેંકનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ સૌથી મજબૂત ડેટા બેંક છે

ગાંધીનગર,તા.૨

ગુજરાત વિધાનસભામાં ઐતિહાસીક જીત બાદ પ્રદેશ ભાજપની પહેલી કારોબારી આજે યોજાઈ હતી. બેઠકમાં વર્ષ ૨૦૨૪ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મંડળ સુધીનું સંગઠન મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. ભાજપ અધ્યક્ષ સી આર પાટિલે જીતનો શ્રેય પીએમ મોદી, પીએમ પર જનતાનો ભરોસો અને કાર્યકરોને આપ્યો હતો. પ્રદેશ પ્રમુખ સી આર પાટિલે નેતાઓને ટકોર કરી હતી કે હું હોઉં કે ના હોઉં પણ ડેટા બેંકનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ. ગુજરાત ભાજપ પાસે સૌથી મજબૂત ડેટા બેંક છે. પાટીલે નેતાઓને ડેટા બેંકનો યોગ્ય ઉપયોગ કરવા સૂચના આપી હતી. ગુજરાતમાં ૭૩ લાખ સક્રિય સભ્યોના કારણે આ ભવ્ય જીત થઈ હોવાનુ જણાવ્યું હતું. આમ પાટીલે આ બેઠકમાં સક્રિય સભ્યોને કાયમ સાચવવા સૂચના આપી હતી. ઐતિહાસીક જીત છત્તાં ઓછા અંતરથી હારેલી ૧૭ બેઠકો હારવાનો પાટીલે અફસોસ વ્યકત કર્યો હતો. જ્યાં આપનું ખાતું ખુલ્યું ત્યાં થોડી મહેનત કરી હોત તો આપનું ખાતું ના ખૂલતું એમ કહીને પણ નિરાશા વ્યક્ત કરી હતી. આમ પાટીલને ૧૮૨ બેઠકો ન જીતવાનો અફસોસ રહી ગયો છે. પાટીલે પ્રદેશ પ્રમુખ બનવા સમયે જ ૧૮૨ સીટ જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જોકે, ભાજપે આ વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ સીટો જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. એમને માધવસિંહ સોલંકીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. મોદી આ જીતનો શ્રેય પાટીલ અને સંગઠનને આપી રહ્યાં છે તો પાટીલ આ શ્રેય મોદીને આપી રહ્યાં છે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ચૂંટણી બાદ હવે બીજેપીનો ટાર્ગેટ લોકસભાની ચૂંટણી છે. બીજેપી હવે ૨૦૨૩ની ચૂંટણીની કામગીરીઓમાં લાગી ગયું છે, ત્યારે ગુજરાતને ઐતિહાસિક જીત અપાવનાર નવા રણનીતિકાર સીઆર પાટીલનું પ્રમોશન થાય તેવી સંભાવના છે. બીજેપી પાટીલની આવડતનો ઉપયોગ લોકસભાની ચૂંટણી તથા અન્ય રાજ્યોની ચૂંટણીમાં કરી શકે છે ત્યારે ૨૦૨૩ માં સીઆર પાટીલને મોટી જવાબદારી મળી શકે છે. પાટીલે ગુજરાતની જીતની પાર્ટી દિલ્હીમાં આપી એ સાબિત કરી દીધું હતુ કે હવે તેમનું કદ વધી રહ્યું છે. ગુજરાતમાં બીજેપીને મોટી જીત અપાવનારા સીઆર પાટીલનું પ્રમોશન મળે એવી સંભાવના છે. જુલાઈ ૨૦૨૦માં પ્રદેશ અધ્યક્ષની કમાન સંભાળનારા સીઆર પાટીલ નવસારીથી ત્રીજીવાર સાંસદ બન્યા હતા, તેના બાદ તેઓએ સતત બીજેપીને જીત અપાવી છે. ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ તરીકે તેઓએ પોતાની જવાબદારી બખૂબી નિભાવી. પાર્ટીને ઐતિહાસિક જીત મળી. ત્યારે હવે પાટીલને પ્રમોશન મળવાનું લગભગ નક્કી છે. પાર્ટી પાટીલને શું પ્રમોશન આપવા તેના પર વિચારી રહી છે. શુ પાટીલને મોટી જવાબદારી મળશે. તેને લઈને અનેક અટકળો ચાલી રહી છે. તેમને સંગઠનમાં મોટી જવાબદારી આપવાનું લગભગ નક્કી છે. તેમને કેન્દ્રીય ટીમમાં સ્થાન મળી શકે છે. અથવા તો કેન્દ્રમાં મંત્રી બનાવીને તેમને રાજકીય રીતે મહત્વના રાજ્યોનો ભાર સોંપવામાં આવી શકે છે. એવી પણ ચર્ચા છે કે, પાટીલ હવે જેપી નડ્ડા સાથે મળીને કામ કરે અને બાદમાં પાર્ટીમાં રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી સંભાળે.

# ૪ જાન્યુઆરી, "વિશ્વ બ્રેઇલ દિવસ" અંધજનોની આંખોને 'બ્રેઇલ' થકી મળી પાંખો

લૂઈસ બ્રેઈલ નામના વ્યક્તિ દ્વારા શોધાયેલ 'બ્રેઈલ' એક લિપિ છે જેનો ઉપયોગ કરીને અંધ અને ઓછી દ્રષ્ટિ ધરાવતા લોકો વાંચી અને લખી શકે છે અને પછી તેને કોઈ પણ ભાષામાં બોલી શકે છે. બ્રેઈલ લિપીમાં એક કાગળ ઉપર ઉપસાવેલા ડોટ હોય છે. જેને અંધલોકો પોતાની આંગળીનાં સ્પર્શ દ્વારા વાંચે છે. બિલ્ડિંગની લિફ્ટ અને બેંકોના મશીનની સ્વીચમાં પણ બ્રેઈલ લિપીનો ઉપયોગ થાય છે.



બ્રેઈલનાં શોધક લૂઈસ બ્રેઈલનો જન્મ ૪ જાન્યુઆરીનાં રોજ ફ્રાન્સમાં થયો હતો. તે ફ્રાન્સનાં શિક્ષણશાસ્ત્રી અને સંશોધક હતા. નાનપણમાં જ અકસ્માતનાં કારણે આંખો ગુમાવવાથી તેમને અંધજનોની તકલીફો સમજાઈ અને એ દિશામાં કશુંક કરવાનો નિશ્ચય કર્યો. ૧૮૨૯ માં જ્યારે તે ફક્ત ૨૦ વર્ષનાં હતા એ સમયે તેમણે પ્રથમ 'બ્રેઈલ' બુક પ્રકાશિત કરી હતી. એ પછી પણ તેમનો મોટા ભાગનો સમય બ્રેઈલને સુધારીને વધુમાં વધુ સરળ બનાવવા માટે જ ગયો હતો. તેમનાં મૃત્યુ પછી પણ આ લિપિ હજુ લોકોએ સ્વીકારી ન હતી, પરંતુ ભાવી પેઢીઓને સમય જતા સમજાય ગયું હતું કે તેમની ખોજ કેટલી ક્રાંતિકારી હતી.

સામાન્ય વ્યક્તિ પોતાની આંખોથી દુનિયા જોઈ શકે છે જયારે અંધજનો માટે એ શક્ય નથી બનતું.

તેમને આસપાસનાં વાતાવરણનો ખ્યાલ આવે તે માટે તેમની પાસે 'વ્હાઈટ કેન' હોય છે, પરંતુ જ્યારે શિક્ષણની વાત આવે, અક્ષરો પારખીને લખવા વાંચવા કે સાક્ષર થવાની વાત આવે ત્યારે શું ? અંધજનોને ભણવાનો અધિકાર જ નથી એવું તો નથી, પરંતુ તેમને શિક્ષણ આપવા કરવું પણ શું ? એવું શું કરવું કે તે લખી કે વાંચી શકે તો તે માટે લૂઈસ બ્રેઈલે બ્રેઈલ લિપીનું સંશોધન કર્યું. જેનાં દ્વારા અંધજનો પણ એમની આંગળીનાં ટેરવે રહેલી તેમની આંખોથી શિક્ષણ મેળવીને વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે.

- મિત્તલ ખેતાણી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.